Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ં. ૮૨ (ચાલુ) વીર સં. ૨૫૦૩
વિક્રમ સં. ૨૦૩૩ કારતક

# શ્રી આત્માનંદ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂા. ૭

## જિનાગમ

तस्स मुहुग्गदवयणं पुव्वावरदोसविरहियं सुद्धं ।
आगममिदि परिगहियं तेण दु कहिया हवंति तच्चत्था ॥

અર્હંતોના મુખમાંથી ઉત્પન્ન થયેલા તથા પૂર્વાપર દોષ રહિત શુદ્ધ વચનોને આગમ કહેવામાં આવે છે. એ આગમમાં જે કહેવામાં આવ્યું છે તે સત્યાર્થ છે.

—समणसुत्तं પાના ૮–૯

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

: ૭૪ ] નવેમ્બર : ૧૯૭૬ [ અંક : ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# : અનુક્રમણિકા :


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| નૂતન વર્ષના મંગળ પ્રવેશે | તંત્રી સ્થાનેથી | ૧ |
| યોગદૃષ્ટિએ શત્રુંજય યાત્રા | શ્રી અમરચંદ માવજી | ૭ |
| વિવેક અને ધર્મ | પંડિત શ્રી બેચરદાસ | ૯ |
| समणसुत्तं ગુજરાતી અનુવાદ | શ્રી ખીમચંદ ચાંપશી શાહ | ૧૩ |
| ગતિ પ્રત્યનિક | પં. પૂર્ણાનંદવિજય (કુમાર શ્રમણ) | ૧૯ |
| संशयात्मा विनश्यति (કથા) | શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા | ૨૧ |
| સમાચાર સંચય | | ૨૫ |


આ સભાના નવા માનવંતા પેટ્રન સાહેબ

## શ્રી નિરંજન દામોદર શેઠ—ભાવનગર

જૈન જનતા તેમજ વાચકવર્ગને

## વિનતિ

આ માસિકમાં જૈન સમાજના ઉત્કર્ષ માટે ઉપયોગી હોય તેવા, સમાજની ઉન્નતિ માટે પ્રેરણા આપે તેવા કાર્યો અને સેવા પ્રવૃત્તિઓના સમાચારો ટૂંકાણમાં અને સ્વચ્છ અક્ષરોમાં લખી મોકલશો તો સ્થાન આપવામાં આવશે.

## લેખકોને વિનતિ

જીવનનો ઉત્કર્ષ થાય તેવી પ્રેરણા આપતા ટૂંકા નિબંધ, ટૂંકી વાર્તા કે ટૂંકા પ્રસંગ વર્ણનને આ માસિકમાં સ્થાન આપવામાં આવશે તો લેખક મહાશયોને સેવાભાવે લખી મોકલવા વિનતિ.

—તંત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### આ સભાના નવા માનવંતા પેટ્રન

# શ્રી પ્રતાપરાય બેચરદાસ શેઠ

### જીવનની ટૂંકી રૂપરેખા



જેમના જીવનમાં લક્ષ્મી, સરસ્વતી અને સરળતારૂપી રત્નત્રયીનો સુમેળ થયો છે, એવા શ્રી પ્રતાપરાય બેચરદાસ શેઠનો જન્મ સૌરાષ્ટ્રની રત્નભૂમિ જેવા મહુવા બંદરમાં સં. ૧૯૮૦ના ચૈત્ર શુ. ૧૦ સોમવાર તા. ૧૪-૪-૧૯૨૪ના દિવસે થયો હતો. તેમના પિતાશ્રીનું નામ શ્રી બેચરદાસ જીવણભાઈ. મહુવામાં શેઠ જીવણ રામચંદના કુટુંબનું નામ અગ્રસ્થાન ધરાવે છે. આજથી લગભગ ૨૦૦ વર્ષ પહેલાં તેમની પાંચમી પેઢીએ થયેલા શેઠ નાનચંદ હેમચંદ કુટુંબ સાથે રાધનપુરથી મહુવા આવ્યા અને ત્યારથી મહુવાવાસી બની ગયા. મહુવાની ભૂમિમાં પણ અજબ પ્રકારનું આકર્ષણ છે.

શ્રી પ્રતાપરાયભાઈના માતુશ્રીનું નામ પૂ. સંતોકબેન. ભાવનગરથી પ્રસિદ્ધ થતા 'જૈન' પત્રના માલિક સ્વ. દેવચંદ દામજી શેઠના તેઓ બેન થાય. આ રીતે માતૃપક્ષ તેમજ પિતૃ-પક્ષ બંને તરફથી ખાનદાની અને સચરિત્રતાનો તેમને વારસો મળ્યો છે. જીવનમાં ધન પ્રાપ્તિની સાથોસાથ જો આવા ઉત્કૃષ્ટ ગુણોનો વારસો મળ્યો હોય તો એ ધન મહેકી ઊઠે છે. આ રીતે શ્રી પ્રતાપરાયભાઈએ પ્રાપ્ત કરેલી લક્ષ્મીની મહેક ચારે બાજુ ફેલાઈ ગઈ છે.

તેમના પિતાશ્રી શ્રી બેચરદાસભાઈનો સ્વર્ગવાસ આજથી લગભગ ૩૫ વર્ષ અગાઉ થયો. શ્રી પ્રતાપરાયભાઈને બે ભાઈઓ, ત્રણેય ભાઈઓમાં સૌથી નાના તેઓ છે. વડીલબંધુ જયંતીલાલભાઈનો સ્વર્ગવાસ થયો છે, શ્રી ગુણવંતભાઈ પણ ઝવેરી બજારમાં કટકવાળાની કંપનીમાં ભાઈની સાથે જ કામ કરે છે. કટકવાળાની કંપનીનું મુખ્ય કામકાજ ચાંદીનું છે અને ખંત, પ્રામાણિકતા અને એકનિષ્ઠાના કારણે છેલ્લા બે દશકામાં આ કંપનીએ અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. શ્રી પ્રતાપરાયભાઈ પેઢીના મુખ્ય સુકાની છે. તેમના માતુશ્રી પૂ. સંતોકબેનનો દેહોત્સર્ગ આજથી લગભગ વીસ વર્ષ અગાઉ થયો. શ્રી પ્રતાપરાયભાઈને ત્રણ બહેનો છે. જશકુરબેન, હીરાબેન અને મંગળાબેન.

પ્રતાપરાયભાઈએ પ્રાથમિક શિક્ષણ મહુવામાં જ લીધું અને મેટ્રીકની પરીક્ષા પાસ કરી. મહુવામાં એ વખતે કૉલેજ ન હોવાથી ભાવનગર જઈ શામળદાસ કૉલેજમાં જોડાયા. એમણે સાયન્સ (વિજ્ઞાન)ની લાઇન પસંદ કરેલી, કારણ કે તેમની ભાવના ડૉક્ટર થઈ ગરીબોની સેવા કરવાની હતી. પણ ઇન્ટર સાયન્સ પછી મેડીકલ કૉલેજમાં પ્રવેશ ન મળ્યો તેથી તેઓ વેપારી લાઈનમાં આવી ગયા છે. આમ છતાં परोपकारः पुण्याय पापाय परपीडनम् બીજા ઉપર ઉપકાર કરવો એ પુણ્ય છે અને બીજાને પીડા કરવી એ પાપ છે—આ સૂત્રનું તેઓ જીવનમાં અક્ષરશઃ પાલન કરે છે; શક્ય હોય ત્યાં સુધી અન્યને સહાયરૂપ બનવું અને મનસા, વાચા, કર્મણા કોઈ જીવને દુભવવો નહિ એ તેમના જીવનનો મુદ્રાલેખ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવા મહાનુભાવની કોઈપણ ઈચ્છા અતૃપ્ત નથી રહેતી. ડૉક્ટર થવાની તેમની ત ઇચ્છા તેમના સુપુત્ર શ્રી ભાસ્કર દ્વારા પરિપૂર્ણ થવા પામી છે.

ઈન્ટર સાયન્સ પછી અભ્યાસ છોડી પ્રતાપભાઈ ઇ. સ. ૧૯૪૪માં વીસ વર્ષની ઉંર મુંબઇ આવ્યા અને બેંક ઓફ ઇન્ડીઆની સર્વિસમાં જોડાઈ ગયા, પણ આ જીવ નોક માટે સર્જાયેલો નહોતો. એકાદ વર્ષની નોકરી પછી તેમણે સ્વતંત્ર ધંધો કરવા માટે નિશ્ચ કર્યો અને પાંચેક વર્ષ દલાલી કરી ચાંદી બજારના વેપારીઓનો ચાહ મેળવ્યો. એ વખ કટકની ભાવચંદ એન્ડ કંપનીવાળા સ્વ. વૃજલાલ કેશવજીએ મુંબઈમાં પોતાની પેઢી શ કરી અને હીરાની કિંમત જેમ ઝવેરી કરી શકે તેમ વૃજલાલભાઇએ પ્રતાપભાઇને પોતા સાથે લઈ લીધાં. છેલ્લા વીસ વર્ષથી પ્રતાપરાયભાઈ કટકવાળાની કંપની નામે પોતાનો સ્વત ધંધો ચલાવે છે.

ચોવીસ વર્ષની ઉંમરે તેમના લગ્ન ઈ. સ. ૧૯૪૮માં પાલીતાણા નિવાસી શેઠ મગ લાલ જીવણભાઈની સુપુત્રી શ્રી મુક્તાલક્ષ્મીબેન સાથે થયા. લગભગ ૩૦ વર્ષના તેમ સુખી દામ્પત્ય જીવનના ફળરૂપે ત્રણ પુત્રો અને ત્રણ પુત્રીઓ પ્રાપ્ત થયા. મોટા પુત્ર દિલીપભાઇ બી.કૉમ. પાસ થઈ પિતાની સાથે ધંધામાં જોડાઇ ગયા છે. બીજા પુત્ર ભાસ્કરભાઈએ એમ.બી.બી.એસ.ની પરીક્ષા પાસ કરી પિતાની અતૃપ્ત રહેલી ઈચ્છાને પૂ કરી છે, અને ઇચ્છીએ કે પિતાની ભાવના પ્રમાણે જ તેઓ પણ ગરીબોની સેવા કરે ત્રીજા પુત્ર ચિ. જયપ્રકાશ પોદાર કૉલેજમાં બીજા વર્ષનો અભ્યાસ કરે છે. ત્રણેય પુત્ર ઓમાં મોટા હર્ષાબેન કોલેજમાં (Home Science) અભ્યાસ કરે છે, બીજા બેન જયશ્રી ઈન સાયન્સમાં અભ્યાસ કરે છે અને સૌથી નાના સુનંદાબેન ઘાટકોપરમાં અભ્યાસ કરે આમ પોતાના બધા સંતાનોને તેમણે ઉચ્ચ કેળવણી અને સંસ્કાર આપી તૈયાર કર્યા છે.

ગૃહસ્થાશ્રમમાં પુરુષ ગમે તેટલું ડહાપણ અને આવડત ધરાવતો હોય તો પણ. ઘર શોભા તો ગૃહિણી પર જ અવલંબે છે. એટલે ઘર આંગણેની સુવ્યવસ્થા અતિથિસત્ અને ધર્મસંસ્કારના યશના સાચા અધિકારી તો શ્રી મુક્તાલક્ષ્મીબેન છે તેઓ તપસ્વી છે. આઠ ઉપવાસ, નવ ઉપવાસ તેમજ નાની મોટી તપશ્ચર્યા કરે જ છે સુખ અને શાંત પણ તપનું ફળ છે, એ વાત તેઓ સારી રીતે સમજે છે. એક વખત પર્યુષણ પર્વમાં અત્ આનંદ અને ઉલ્લાસપૂર્વક પોતાના ઘર આંગણે ઘોડિયા પારણાં પધરાવ્યાં હતાં. પતિ ર કુટુંબ સાથે આપણા મોટા ભાગના તમામ તીર્થોની જાત્રા કરી છે. માનવના દુઃખનું મૂ કારણ અજ્ઞાનતા છે અને તેથી પ્રતાપરાયભાઇએ જ્ઞાનદાન પ્રત્યે પોતાનું લક્ષ કેન્દ્રિત કર છે. તેમના સ્વ. દાદા જીવણ રામચંદ શેઠના નામનું ટ્રસ્ટ કરીને તે દ્વારા તેમણે મહુવા બાળ શ્રમમાં બે વિદ્યાર્થીઓ, મહાવીર જૈન વિદ્યાલયમાં એક વિદ્યાર્થી, સાવરકુંડલા વિદ્યાર્થીગૃહ એક વિદ્યાર્થી, પાલીતાણા બાળાશ્રમમાં એક વિદ્યાર્થી, કે. એમ. વિદ્યાર્થી ગૃહ–અમરેલી એક વિદ્યાર્થી તેમજ તળાજા કન્યા છાત્રાલયમાં પણ બેન તેમના સ્કોલર તરીકે દાખલ થ શકે તેવી રીતે દાન કર્યું છે.

આવા ઉદારચરિત, ધર્મનિષ્ઠ, સેવાભાવી સૌજન્યશીલ શ્રી પ્રતાપરાયભાઈને આ સભા પેટ્રન તરીકે મેળવવા બદલ અમે આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૭૪ | વિ. સં. ૨૦૩૩ કારતક : ૧૯૭૬ નવેમ્બર | અંક : ૧

તંત્રી : શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા • સહતંત્રી : શ્રી કાન્તિલાલ જગજીવનદાસ દોશી

## નૂતન વર્ષના મંગળ પ્રવેશે

જૈન આત્માનંદ સભા ભાવનગર તરફથી છેલ્લા તોંતેર વર્ષથી નિયમિત રીતે પ્રગટ થતું માસિક 'આત્માનંદ પ્રકાશ' તોંતેર વર્ષની લાંબી મઝલ પૂર્ણ કરી, પ્રસ્તુત અંકથી ચુંમોતેરમા વર્ષમાં પ્રવેશ કરે છે, જે મંગળ પ્રસંગ અમારા માટે તેમજ સમગ્ર જૈન સમાજ માટે આનંદ અને ગૌરવનો વિષય છે.

છેલ્લા ભગવાન મહાવીર જન્મ કલ્યાણક વિશેષાંક પછી 'આત્માનંદ પ્રકાશ' અંગે અમે એક ક્રાંતિકારક ફેરફાર કર્યો છે. 'આત્માનંદ પ્રકાશ' માસિક આજ સુધી માત્ર સભાના પેટ્રનો તેમજ આજીવન સભ્યોને વગર લવાજમે ફ્રી અપાતું, જે યોજના તો આજે પણ ચાલુ જ છે. પરંતુ હવે અન્ય ભાઈ બહેનો પણ આ માસિકનો લાભ લઈ શકે એવી યોજના શરૂ છે. વાર્ષિક માત્ર છ રૂપિયાના લવાજમમાં સભા વાચકોને વાર્ષિક પચીસથી ત્રીસ ફર્માનું વાંચન ઘેર બેઠા પહોંચતું કરે છે. માસિકની સરેરાશ કિંમતનો લગભગ એક રૂપિયો આવે છે, પણ આવા શિષ્ટ સાહિત્યનો લાભ આમ-વર્ગની જનતાને પણ મળી શકે એ દૃષ્ટિએ આ યોજના શરૂ કરી છે અને અમને ખાતરી છે કે અમારા આ કાર્યમાં જૈન સમાજ અમને માસિકમાં જાહેર ખબર આપી આર્થિક રીતે સહાય કરી ટેકો આપશે.

છેલ્લા ત્રીસથી વધુ વર્ષ કરતાં વધારે જેમણે નિસ્વાર્થભાવે પોતાની સેવા સભાને આપી અને તેના સુકાની પદે રહી આ માસિકનું તંત્રી પદ સંભાળ્યું તેવા શ્રી ખીમચંદ ચાંપશી શાહ પોતાની નાદુરસ્ત તબિયત આંખોની તકલીફના કારણે સભાના પ્રમુખપદેથી તેમ જ તંત્રીપદેથી નિવૃત્ત થયા છે. સભાના ઇતિહાસમાં તેમની સેવા સોનેરી અક્ષરોથી નોંધાયેલી રહેશે. સભાને સાહિત્યિક તેમજ આર્થિક દૃષ્ટિએ તેમણે સદ્ધર પરિસ્થિતિમાં મૂકી દીધી છે, જે માટે આ સભા હરહંમેશ માટે તેમની ઋણી રહેશે. માંદગીના બીછાને હોવા છતાં સભાના ઉત્કર્ષમાં તેઓનો રસ એવો ને એવો જળવાઈ રહ્યો છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સભાની નાની મોટી પ્રવૃત્તિમાં યોગ્ય માર્ગદર્શન આપી રહ્યાં છે.

શ્રી ખીમચંદ શાહ નિવૃત્ત થતાં સભાના સૌજન્યશીલ અને શાંતમૂર્તિ ઉપપ્રમુખ શ્રી શાહ ગુલાબચંદ લલ્લુભાઈએ પ્રમુખપદની જવાબદારી સંભાળી છે અને શ્રી હીરાલાલ ભાણુજી શાહે ઉપપ્રમુખ પદ સંભાળ્યું છે.

છેલ્લા ત્રીસ વર્ષથી શ્રી જાદવજી ઝવેરભાઈ શાહે સભાનું મુખ્યમંત્રી પદ સફળતાપૂર્વક સંભાળ્યા પછી ગત વર્ષમાં તા. ૨૦–૧૧–૭૫ના દિવસે તેમનું દુઃખદ અવસાન થયું. તેમના જીવનના અંતિમ શ્વાસોચ્છવાસ સુધી તેમને સભાનું હિત હૈયે હતું અને રાત દિવસ સભાના ઉત્કર્ષ અર્થે તેઓ સતત ચિંતા સેવતા હતા. સભાની મીટીંગો તેમજ નાની મોટી કાર્યવાહી તેઓ જાતે સંભાળતા હતા. તેમના અવસાનથી સભા માટે ન પૂરી શકાય એવી મોટી ખોટ પડી છે. તેમની જગ્યાએ મંત્રી તરીકે જાણીતા સંનિષ્ઠ અને સેવાભાવી કાર્યકર શ્રી હીરાલાલ જુઠાલાલને નિયુક્ત કરવામાં આવ્યા છે અને અન્ય મંત્રીઓ તરીકે શ્રી અમૃતલાલ રતીલાલ (ભગતભાઈ) અને શ્રી હીંમતલાલ અનોપચંદ મોતીવાળા કામ સંભાળે છે.

છેલ્લા લગભગ બે દશકાથી સભામાં નોકરી કરતાં શ્રી મણિલાલ મોહનલાલ શાહનું મૃત્યુ પણ ગત વર્ષમાં તા. ૨૧–૬–૭૬ના એકાએક થયું. સ્વર્ગસ્થ અત્યંત શાંત, આજ્ઞાંકિત અને પ્રમાણિક હતા તેમજ ખંતપૂર્વક પોતાની સેવા બજાવતા. સ્વર્ગસ્થ શ્રી જાદવજી ઝવેરભાઈ તેમજ શ્રી મણિલાલ મોહનલાલ શાહને શાસનદેવ ચિરશાંતિ અર્પે એવી આ તકે અમે પ્રાર્થના કરીએ છીએ.

ગત વર્ષમાં શ્રી જૈન સંઘના ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્ય વિજયનંદનસૂરીશ્વરજી મહારાજશ્રીનો દેહોત્સર્ગ સં. ૨૦૩૨ના માગશર વદ ૧૪ તા. ૩૧–૧૨–૭૫ના તગડી (સૌરાષ્ટ્ર) મુકામે થયાની નોંધ લેતાં અમે ઊંડા આઘાત અને ખેદની લાગણી અનુભવીએ છીએ. સ્વર્ગસ્થ આચાર્યશ્રી જ્યોતિષશાસ્ત્ર તેમજ શિલ્પશાસ્ત્રના પ્રખર જ્ઞાતા હતા. સમગ્ર જૈન સમાજને તેમના અવસાનથી મોટામાં મોટી ખોટ પડી છે.

આગમજ્ઞાતા પૂ. આચાર્યશ્રી વિજયજંબુસૂરીશ્વરજી મહારાજનો સ્વર્ગવાસ મુંબઈ મુકામે તા. ૧૦–૧૨–૭૫ના થયાની નોંધ લેતાં અમને અત્યંત દુઃખ થાય છે. આગમ શાસ્ત્રોનો તેમને ઊંડો અભ્યાસ હતો, અને એમના હાથે અનેક ગ્રંથો તૈયાર થયા છે. પ. પૂ. શાંતમૂર્તિ પ્રાકૃત વિશારદ આચાર્યશ્રી કસ્તૂરસૂરીશ્વરજી મહારાજના પેટલાદ નજીક સોજીત્રા મુકામે તા. ૨૮–૫–૭૬ના થયેલ સ્વર્ગવાસની નોંધ લેતાં અમે આઘાત અને ખેદની લાગણી અનુભવીએ છીએ. સ્વર્ગસ્થ આચાર્યશ્રીએ પ્રાકૃત ભાષાના જ્ઞાનનો બહોળો પ્રચાર કર્યો હતો, તેમજ મધ્યમ વર્ગના લોકોના ઉત્કર્ષ માટે પણ તેઓ નિરંતર સચિંત રહેતા.

અધ્યાત્મ રત્ન, જાપમગ્ન, પુણ્યનામ ધ્યેય પ. પૂ. આચાર્ય શ્રી જયંતસૂરીશ્વરજી મહારાજ સતત 'અરિહંત' 'નમો અરિહંતાણં'ના પુણ્યનાદ સાંભળતાં સાંભળતાં મુંબઈ દાદર મુકામે શ્રાવણ વદ ૮ મંગળવારના સ્વર્ગવાસ પામ્યાં જેની નોંધ લેતાં અમને દુઃખ થાય છે. સ્વ. આચાર્ય વર્તમાનમાં સ્વ. આચાર્યશ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજના સમુદાયના નાયક હતા. સ્વર્ગસ્થ આચાર્ય ભગવંતો પૂ. નંદનસૂરીશ્વરજી પૂ. જંબૂસૂરિજી, પૂ. કસ્તૂરસૂરીશ્વરજી અને પૂ. જયંતસૂરીશ્વરજીના આત્માને શાસનદેવ ચિરશાંતિ અર્પે એવી આ તકે અમે પ્રાર્થના કરીએ છીએ.

જૈન સમાજના જાણીતા વિદ્વાન પ્રાચ્યવિદ્યાના મહાન ઉપાસક પંડિત રત્ન શ્રી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લાલચંદભાઈ ભગવાનદાસ ગાંધીનું સંવત ૨૦૩૨ના ફાગણ વદિ ૧૪ના થયેલ દુઃખદ અવસાનની નોંધ લેતાં અમે અત્યંત દુઃખ અનુભવીએ છીએ. તેમની ઉત્તમ સાહિત્ય સેવાને લક્ષમાં લઈ કેન્દ્ર સરકારે તેમને Certificate of honour અર્પણ કર્યું હતું. શાસનદેવ તેમના આત્માને ચિરશાંતિ અર્પે એવી આ તકે અમે પ્રાર્થના કરીએ છીએ.

ભાષાશાસ્ત્રના પ્રખર વિદ્વાન ડો. પ્રબોધભાઇ બેચરદાસ પંડિતના યુવાનવયે તા. ૨૮-૧૧-૭૫ના દિલ્હી મુકામે થયેલા અવસાનની નોંધ લેતાં અમને અત્યંત આઘાત અને દુઃખ થાય છે. તેઓ પંડિત શ્રી બેચરદાસ દોશીના મોટા પુત્ર હતા અને દિલ્હી યુનિવર્સિટીના ભાષાશાસ્ત્રના પ્રાધ્યાપક હતા. તેમના અવસાનથી જૈન સમાજને તેમજ સાહિત્ય ક્ષેત્રે ન પૂરી શકાય તેવી મોટી ખોટ પડી છે. શાસનદેવ તેમના આત્માને ચિરશાંતિ અર્પે એવી આ તકે અમે પ્રાર્થના કરીએ છીએ.

ભાવનગરના જૈન સમાજના અગ્રણી મૂક સેવા ભાવી કાર્યકર સુપ્રસિદ્ધ ધારાશાસ્ત્રી શ્રી ભાઈચંદભાઈ અમરચંદ શાહના તા. ૪-૯-૭૬ના રોજ થયેલા આકસ્મિક મૃત્યુની નોંધ લેતાં અમે ખૂબ જ ઊંડા દુઃખ અને આઘાતની લાગણી અનુભવીએ છીએ. સ્વભાવે તેઓ અત્યંત શાંત, સરળ અને વિચારક હતા. એક બાહોશ ધારાશાસ્ત્રી તરીકે તેમની નામના હોવા છતાં સત્તાના રાજકારણથી તેઓ સદા અલિપ્ત હતા. તેમની રહેણીકરણી અને વિચારશૈલીમાં રાષ્ટ્રભક્તિ અને સ્વદેશી પ્રેમ વણાયેલા હતા. Work is Worship તેમના જીવનનો મુદ્રા લેખ હતો. આવા એક સચ્ચરિત અને પવિત્ર મહાનુભાવના એકાએક વિયોગ થવાના કારણે ભારે આઘાત થાય છે. શાસનદેવ તેમના આત્માને ચિરશાંતિ અર્પે !

ભાવનગર જૈન શ્વે મૂર્તિપૂજક તપગચ્છ સંઘના પ્રમુખ અને મુંબઈના એક શાહ સોદાગર ઉદ્યોગપતિ દાનવીર શેઠ વાડીલાલ ચત્રભુજ ગાંધીનું તા. ૧૯-૯-૭૬ રવિવારના મુંબઇમાં દુઃખદ અવસાન થયાની નોંધ લેતા અમને અસહ્ય દુઃખ થાય છે. શ્રી વાડીલાલ ગાંધીએ શિક્ષણક્ષેત્રે તેમજ અન્ય અનેક ક્ષેત્રે લાખો રૂપિયાનું દાન કર્યું છે. જ્યારે જુઓ ત્યારે પ્રવૃત્તિમા તેઓ રચ્યાપચ્યા રહેતા. થાક કે કંટાળો, એ શબ્દો તેમના શબ્દકોશમાં ન હતા. જૈન આત્માનંદ સભા પ્રત્યે તેમને અપૂર્વ લાગણી હતી અને સંસ્થાની કાર્યવાહી અંગે પણ તેઓ અવારનવાર માર્ગદર્શન આપતા. તેઓ તેમજ તેમના સુશીલ પત્ની શ્રી ભાનુમતીબેન આ સભાના માનવંતા પેટ્રનો છે. શ્રી વાડીલાલ ગાંધીના સ્વર્ગવાસથી સમગ્ર જૈન સમાજને એક સેવાભાવી, ભાવનાશીલ, ઉદારચિત્ત દાનવીરની ખોટ પડી છે, શાસનદેવ તેમના આત્મને ચિર શાંતિ આપે એજ પ્રાર્થના.

કટકની બાવચંદ એન્ડ કંપનીના સ્થાપક અમરેલી નિવાસી શ્રી બાવચંદ મંગળજી મહેતા જેઓ આપણી સભાના પેટ્રન હતા તેઓનું દુઃખદ અવસાન કટક મુકામે તા. ૩૦-૧૧-૭૫ના થતાં સભાએ એક શુભેચ્છક અને શુભચિંતક ગુમાવેલ છે. શાસનદેવ તેમના આત્માને ચિરશાંતિ અર્પે.

ગત વર્ષમાં સભાના આજીવન સભ્યો શ્રી નગીનદાસ કુંવરજી કાપડીયા ભાવનગર, શાહ મણિલાલ ભગવાનદાસ કાથીવાળા ભાવનગર, શાહ ચીમનલાલ વેલચંદ ભાવનગર અને શાહ ભોગીલાલ બાદરમલ મુંબઇના દુઃખદ અવસાન થયાની નોંધ લેતા અમે ખેદ અનુભવીએ છીએ તેમજ તેમના કુટુંબીજનો પર આવી પડેલા દુઃખ પ્રત્યે સમવેદના વ્યક્ત કરીએ છીએ.

ગત વર્ષમાં સર્વશ્રી શાંતિલાલ બેચરદાસભાઇ, શાહ પ્રભુદાસ મોહનલાલ, શ્રી નાનચંદ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મૂળચંદ શાહ, શ્રી પ્રવિણચંદ ફુલચંદ શાહ, શ્રી સુંદરલાલ ઉત્તમચંદ શાહ, શ્રી મનુભાઈ ચીમનલાલ શાહ અને શ્રી ગિરધરલાલ જીવણભાઈ આ સભાના પેટ્રન તરીકે જોડાયાં છે. તદુપરાંત પૂ આચાર્ય વિજય દુર્લભ સાગર સૂરિજીના સદુપદેશથી શ્રી બુદ્ધિસાગર સૂરીશ્વરજી સાહિત્ય સંરક્ષક સમિતિ આ સભાના આજીવન સભ્ય તરીકે જોડાયાં છે. આ ઉપરાંત શ્રી અમીલાલ પોપટલાલ શાહ, શ્રી શ્રેયસ જૈન મિત્ર મંડળ તેમજ પાટણનિવાસી શ્રી રમેશચંદ્ર જેસિંગભાઈ શાહ પણ આજીવન સભ્યો બન્યા છે આ રીતે નવા પેટ્રનો તેમજ આજીવન સભ્યો બની સભાના કાર્યને જે જે મહાનુભાવોએ સહકાર અને ઉત્તેજન આપેલ છે, તેઓ સૌનો આ તકે અમે હાર્દિક આભાર માનીએ છીએ.

ગત વર્ષમાં 'આત્માનંદ પ્રકાશ' માસિકના ગદ્ય અને પદ્ય વિભાગમાં અનેક લેખક મહાશયોએ સુંદર વિવિધ સામગ્રી મોકલાવેલ છે, જેમાં મુખ્યત્વે પ. પૂ. પંન્યાસ શ્રી પૂર્ણાનન્દ વિજયજી મહારાજ (કુમાર શ્રમણ), પૂ.મુનિશ્રી નેમિચંદ્ર, પૂ. મુનિશ્રી પ્રદ્યુમ્નવિજયજી મ૦, શ્રી ખીમચંદ ચાંપશી શાહ, પંડિત શ્રી બેચરદાસ દોશી, પ્રા. પ્રેમસુમન જૈન, પ્રા. કુમારપાળ દેશાઈ, શ્રી ઉમાશંકર જોષી, શ્રી કલાવતીબેન વોરા, શ્રી ભાનુમતીબેન દલાલ, માણેકલાલ મ. દોશી, શ્રી અમરચંદ માવજી, શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, ડૉ. બાવીશી, શ્રી નરેન્દ્ર કોટક, શ્રી જિનદાસ દોશી, શ્રી ટી. કે. શાહ અને પંડિત શ્રી અમૃતલાલ ના. દોશી છે, જેઓ સૌનો આ તકે અમે હાર્દિક આભાર માનીએ છીએ

ગત વર્ષમાં શ્રી ખીમચંદ ચાંપશી શાહ તંત્રીપદેથી નિવૃત્ત થતાં તેમની સલાહ સૂચન અનુસાર શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા જેઓ ઘણા વરસોથી આ સભાની સાથે એક યા બીજી રીતે સંકળાયેલા છે, તેમને તંત્રીપદે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે સહતંત્રી તરીકે શ્રી કાંતિલાલ જ. દોશી એમ. એ. માસિકની તમામ કાર્યવાહી સંભાળે છે. તંત્રી મંડળમાં આ બંને મહાનુભાવો નિસ્વાર્થભાવે જૈન આત્માનંદ સભાને પોતાની સેવા આપે છે જેની નોંધ લેતા અમને આનંદ થાય છે.

ભારે જહેમત અને અવિરત પરિશ્રમ વેઠીને પ. પૂ. વિદ્વાન મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબે જે મહાન ગ્રંથનું સંપદાન કાર્ય કર્યું છે તે 'દ્વાદશાર નયચક્રમ્' ગ્રંથનો બીજો ભાગ તૈયાર થઈ ગયો છે અને નજીકના ભવિષ્યમાં ગ્રંથનું પ્રકાશન'કાય કરવામાં આવશે. પ્રસ્તુત ગ્રંથમાં મુખ્ય સહાય ગોરેગામ જૈન સંઘ તરફથી પ્રાપ્ત થઈ છે, જે બદલ ગોરેગામ જૈન સંઘ પ્રત્યે અમે આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ. ત્રીજા ભાગની મેટર પણ પ્રેસમાં છપાવવાની શરૂઆત થઈ ગઈ છે. જૈન આત્માનંદ સભા તરફથી જે અનેક ગ્રંથો પ્રકાશિત થયા છે, તેમાં પ્રસ્તુત ગ્રંથ જુદી જ ભાત પાડે છે.

જૈનોનાં વિવિધ ફિરકાઓ જેવા કે શ્વેતાંબર મૂર્તિપૂજક, સ્થાનકવાસી, દિગમ્બર, ખડતરગચ્છ, તેરાપંથી વગેરે. આ બધા ફિરકાઓમાં જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજમાં એક કે બીજા પ્રશ્નો સમાજ સમક્ષ ધાંધલ મચાવતા જ રહે છે. વર્તમાનકાળે એક નવો પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવ્યો છે અને તે છે 'શ્રીપાળ-મયણા'નો નાટક, જેને અંગે ખૂબ ચકચાર ચાલી રહી છે. તે પહેલા ભગવાન મહાવીરની ૨૫૦૦મી જયંતિનો મહોત્સવ જે ભારત સરકાર દ્વારા ઉજવવામાં આવ્યો હતો, તે પ્રશ્ને પણ આપણા સમાજમાં સારો એવો ઉહાપોહ કરવામાં આવ્યો હતો. તે પહેલા વળી આચાર્ય ભગવંતની નવે અંગેની પૂજાના પ્રશ્ને મોટો હોબો ઉભો કર્યો હતો. શત્રુંજય તીર્થ પર પ્રતિમાઓની સ્થાપના અંગેની ઘીની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બોલી બાબતમાં પણ ભારે વિખવાદ થયેલો દેખાતો હતો. તિથિનો પ્રશ્ન તો સમાજ સમક્ષ વરસો થયા સળગતો પડેલો જ છે.

અમારી ઇચ્છા ઉપર જણાવેલી કોઇ પણ બાબત અંગે ટીકા–ટિપ્પણ કરવાની કે પક્ષકાર બનવાની અગર તો કાઝી થવાની નથી, કારણ કે કાદવને ચૂંથવાથી તેમાંથી માત્ર દુર્ગંધ જ પેદા થાય છે. પણ આ બધી બાબતોનો ઉલ્લેખ એટલા માટે કર્યો છે કે આ અને આવી બાબતોના કારણે લોકોની દૃષ્ટિએ આપણે મૂર્ખ અને હાંસીપાત્ર બનીએ છીએ. લોકો આપણી મજાક કરતાં કહે છે કે જોઇ લેજો અહિંસા ધર્મના પૂજારીઓ અને અનેકાન્ત અને સમભાવના ઉપદેશકો. વાતો કરવી છે સાતમા આસમાનની અને આચરણમાં મોટું મીંડું. લોકો અંજાય છે વર્તનથી, મોટી મોટી વાતોથી નહિ.

ભૂતકાળમાં આવા પ્રશ્નો ઉપસ્થિત ન થતાં એવું નથી, પણ એવા સમયે આપણા આચાર્ય ભગવંતો તેમાંથી ડહાપણપૂર્વક માર્ગ કાઢતા. આજથી લગભગ ૮૦–૯૦ વર્ષ પહેલાની વાત છે. એ અમેરિકાની ચીકાગો સર્વધર્મ પરિષદમાં શ્રીમદ્ આત્મારામજી મહારાજના આશીર્વાદ સાથે શ્રી વીરચંદ રાઘવજી એ પરિષદમાં હાજરી આપવા ગયા હતા. ત્યાંથી પાછા ફર્યા બાદ શ્રી વીરચંદભાઈની બાબતમાં જૈન સમાજે ભારે ધમાલ ઉભી કરી. બીજી બાબતોમાં ગમે તે કહો, પણ આવી બાબતમાં આપણો સમાજ ભારે એક્કો (Expert) છે. વાતાવરણ ભારે ઉગ્ર અને કલુષિત બની ગયું. તે સમયે સમયજ્ઞ અને દીર્ઘદૃષ્ટા મુનિશ્રી મોહનવિજયજી મહારાજ મુંબઈમાં બિરાજતા હતા. પૂ. આત્મારામજી મહારાજ સાહેબને મુંબઇના ઉગ્ર વાતાવરણની ખબર પડી એટલે તેઓશ્રીએ મુંબઈના સંઘના આગેવાનોને કહેવરાવ્યું કે આ બાબત શ્રી મોહનલાલજી પાસે રજુ કરવી અને તેમના માર્ગદર્શન મુજબ વર્તવું. મહારાજશ્રી પાસે સંઘે વાત રજૂ કરી એટલે તેમણે ફેંસલો આપ્યો કે શ્રી વીરચંદ ગાંધીએ જિનેંદ્ર પ્રભુની એક સ્નાત્ર પૂજા ભણાવવી અને મુંબઇના સકળ સંઘમાં જે ફાટફૂટ પડી હતી તેનું સુખદ રીતે સમાધાન થયું × નદીમાં વહેતો પાણીનો પ્રવાહ આમ તો એક સરખો લાગે છે. પણ તેમાં વહેતું પાણી ક્ષણે ક્ષણે બદલાતું હોય છે. એવું જ આ જગત અને સંસારની બાબતનું છે. આજથી ૯૦ વર્ષ પહેલાં અમેરિકા જનાર શ્રી વીરચંદ ગાંધીને જે સમાજે પ્રાયશ્ચિતને પાત્ર ગણ્યાં એ જ સમાજના મહાન આચાર્ય ભગવંતો આજે અમેરિકા જનારાઓનાં મસ્તકે વાસક્ષેપ નાખી આપે છે. સંસાર અને જગત કેવા પરિવર્તન રૂપ છે!

આજથી ૬૫ વર્ષ પહેલા કોઈ એક પ્રશ્ન પર જૈન શ્વેતાંબર સંપ્રદાયમાં એક પ્રકરણે સંઘમાં બે ભાગલા પડી ગયા હતા. (હું ધારું છુ ત્યાં સુધી આ લાલન શિવજી પ્રકરણ હતું) એ વખતે સંવત ૧૯૬૭ના વૈશાખ શુદિ ૧ના દિવસે યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ તેમના શેઠ લાલભાઇ દલપતભાઈ પરના પત્રમાં લખેલું કે, 'તમો જૈન સંઘમાં શાંતિ વર્તે એવા હાલમાં જ ઉપાયો લેશો તો ભવિષ્યમાં જૈન સંઘને અનિષ્ઠ પરિણામ ભોગવવું પડશે નહિ. અહંકાર ત્યાગ અને સમય સૂચકતા એ બે ગુણોને લક્ષ્યમાં રાખીને જૈન ધર્મના આગેવાનો હાલ પ્રવૃત્તિ કરશે તો જૈન શાસનની શોભામાં વધારો થશે. જૈન સંઘમાં સામાન્ય જે કલેશની ઉદીરણા ચાલે છે તેની સામા આંખમીંચામણા કરીને આગેવાનો બેસી રહેશે તો બે કાંચડાની લડાઈથી જેમ આખા વનનો અને તેમાં રહેનાર પ્રાણીઓનો નાશ થયો એમ જૈન સંઘમાં પણ તેનાથી કિંચિત હાનિ પ્રાપ્ત થઈ શકશે દુનિયામાં મતભેદ હોય છે. પરસ્પર એક બીજાના વિચારોમાં પણ મતભેદ પડે છે પણ મતભેદનો અપેક્ષાએ અંત લાવી શકાય છે.

× જુઓ શ્રી મોહનલાલજી અર્ધ શતાબ્દિ સ્મારક ગ્રંથ–'જીવન દર્શન'નું પ્રકરણ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

....મતભેદથી સ્થૂલ જગતમાં કલેશના આંદોલનો ન પ્રગટે એવો હ્રદયમાં ખ્યાલ લાવવામાં આવે, તો મત કદાગ્રહનો અંત આવી જાય.''×

ભૂતકાળના આપણા મહાન આચાર્યો કેવો સરસ ઉપદેશ આપણા માટે મૂકી ગયા છે! પણ આપણે તેનો અમલ કરવાને બદલે અંદરો અંદર ઝઘડા, મામુલી અને ક્ષુલ્લક બાબતો વિશે વાદવિવાદ—ચર્ચા પ્રતિચર્ચા, નિંદા, ટીકા અને અન્યને ઉતારી પાડવા સિવાય બીજી કોઈ રીતે કશી પ્રગતિ કરી શકયા નથી. પાતાંજલ યોગ સૂત્રના એક બહુ સમજવા જેવા સૂત્ર (અધ્યાય ૨–૩૪)માં કહ્યું છે કે પર્વતની એકાંત ગુફામાં બેસીને તમે કોઈ પાપી વિચારને, કલેશયુક્ત વિચારને તમારા અંતઃકરણમાં સ્થાન આપો અથવા કોઈના વિષે મનથી માત્ર તિરસ્કારભર્યા વિચાર કરો તો પણ તેનાથી તમારા મનમાં જે આંદોલનો ઉભા થશે તેની ભારે ખરાબ પ્રતિક્રિયા તમારા અંતઃકરણ ઉપર થવાની જ. વિચારોમાં રહેલી શક્તિ અણુબોંબ કરતાં પણ વધી જાય તેવી છે. વિચારોની શક્તિ અને પ્રાબલ્યતા વિષે તો જૈન દર્શને પણ કહેવામાં શું બાકી રાખ્યું છે? તાંડુલિયો મચ્છ, લંબાઈ પહોળાઈમાં બિચારો એક ચોખાના દાણાના માપ જેવડો પણ માત્ર અધમ વિચારના કારણે કશી જ ક્રિયા વિના સાતમી નરકનું આયુષ્ય બાંધે છે. જૈન સમાજને આજે જરૂર છે વિચારોની શુદ્ધિની. વિચારોના પરિવર્તનથી સમાજની શુદ્ધિ થશે.

એક બાજુથી આપણે આપણી જાતને ભગવાન મહાવીરના અનુયાયીઓ કહેવરાવીએ છીએ અને બીજી બાજુથી ક્ષુલ્લક અને નજીવી–મામુલી બાબતોને કારણે ઝઘડા, મનદુઃખ અને વિતંડાવાદ કરીએ છીએ, United we stand divided we fall. આપણે સૌ ભાતૃભાવ કેળવીએ, અન્યના દોષો નહિ પણ ગુણો જોતા શીખી જવું જોઈએ. દોષો જ જોવા હોય તો આપણામાં કયાં ઓછા દોષો છે? તેને ન જોઈએ? શ્રીમદ્ રાજચંદ્રજી જેવા તત્ત્વજ્ઞાનીએ પણ કહી દીધું છે કે 'અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય; એ નિશ્ચય આવ્યા વિના સાધન કરશે શુંય?' આ દૃષ્ટિ આપણે સૌએ વર્તમાન કાળમાં કેળવવાની જરૂર છે. માણસ પોતે પોતાના જ દોષ જોવાની દૃષ્ટિ કેળવતો થઈ જાય તો અડધું જગત શાંત થઈ જાય. તેને પછી અન્યના દોષોની કલ્પના કે વિચાર પણ નહિ આવે. અને ઝઘડવું જ હોય, યુદ્ધ કરવું હોય, તોફાન જ મચાવવું હોય તો તે માટેનું ક્ષેત્ર પણ ભગવાન મહાવીરે ઉત્તરાધ્યયન સૂત્ર (અ ૯–૩૫)માં બતાવતા સ્પષ્ટ કહ્યું જ છે કે યુદ્ધ તો આપણા જ આત્માની સાથે કરવું જોઈએ. આપણી ખરાબ ટેવો, ખોટા અને પાપી વિચારો, સ્ખલનાઓની જ સાથે યુદ્ધ કાં ન કરીએ? આવા યુદ્ધમાં જો આપણે વિજય પ્રાપ્ત કરી શકીએ તો ભવચક્રના ફેરાઓ પણ ઓછા થઈ જાય.

શરૂઆતમાં જ અમે સ્પષ્ટ કહ્યું છે કે આ લખવાની પાછળ અમારો ઈરાદો કોઈના પક્ષકાર બનવાનો નથી, તેમ કાજી બનવાની પણ ભાવના નથી. આ બધું લખ્યું છે નિર્દોષ અને શુદ્ધ ભાવે, કકળતા હૈયે આપણા સમાજમાં વર્તમાન કાળે જે દુઃખદ પરિસ્થિતિ પરિવર્તતી રહી છે તે કારણે. આમ છતાં અમારા કોઈ પણ વાચકનું આ કારણે મન દુઃભાય તો મનસા, વાચા, કર્મણા તે માટે અમે ક્ષમા માગી લઈએ છીએ.

અંતમાં અમે પ્રાર્થીએ છીએ :–

सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखभाग् भवेत्॥

બધાય સુખી થાઓ; સૌ નીરોગી રહો.
આ જગતમાં દુઃખી કોઈ ન હો! —તંત્રી


× 'ધાર્મિક ગદ્ય સંગ્રહ તથા પત્ર સદુપદેશ' આચાર્ય બુદ્ધિસાગરસૂરિજી લેખિત. પ્રથમ ભાગ–પાનું ૭૯૭.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યોગદૃષ્ટિએ શત્રુંજય યાત્રા



લે અમરચંદ માવજી શાહ

કાર્તકી પૂર્ણીમા શત્રુંજય યાત્રાના મહાત્મ્યનો પવિત્ર મહાન દિવસ. જે સિદ્ધગિરી ઉપર ભગવાન આદિશ્વર ભગવાન પૂર્વનવાણુંવાર સમોસર્યા તે નિમિત્તે અદ્યાપી અનેક આત્માર્થીઓ સિદ્ધાચલ તીર્થની ભાવથી ૯૯ યાત્રા દર વરસ કરે છે. ૯૯ યાત્રા, ૯૯ અભિષેક, ૯૯ પ્રકારી પૂજા, એ રીતે નવનો સંપૂર્ણ આંકડો આત્માની પૂર્ણતાનો સૂચક છે.

કલિકાળ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રાચાર્યજીનો જન્મ દિન પણ કાર્તકી પૂર્ણીમાનો છે. પૂર્ણીમાએ પૂર્ણ આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવા માટે પરમ આલંબનરૂપ આયોજન છે. તેનું ગુણસ્થાન દૃષ્ટિએ, યોગદૃષ્ટિએ, અધ્યાત્મદૃષ્ટિએ અવલોકન કરીશું તો આ યાત્રાનું ખરૂં રહસ્ય સમજણમાં આવશે. કોઇપણ દ્રવ્ય, ક્રીયા ભાવ સાપેક્ષ છે. ભાવ વિશુદ્ધિ માટે દ્રવ્ય ક્રિયાઓ નિમિત્તરૂપ છે.

આપણો આત્મા અનાદિકાળથી અનાદિ સંસારમાં અનેક યોનિઓમાં અનાદિ અજ્ઞાનતાથી જન્મ મરણના ચક્રમાં પરિભ્રમણ કરે છે. તેનું કારણ અનાદિ કાળથી તે કર્મના બંધમાં બંધાયેલો છે. મિથ્યાત્વ અવિરતિ કષાય અને યોગ એ કર્મબંધના નિમિત્ત કારણ છે. આત્માના રાગદ્વેષ અજ્ઞાનથી સમયે સમયે કર્મબંધ ચાલુ છે, અકામ નિર્જરા ચાલુ છે.

ભવિતવ્યતાનાં યોગે મનુષ્યપણું, આર્યક્ષેત્ર, જૈનકુળ, અને દેવગુરુધર્મની તથાપ્રકારની યોગ્ય સામગ્રીના નિમિત્તથી એ આત્માની દૃષ્ટિ ખુલે છે તે પ્રથમ માર્ગાનુસારી બને છે આદ્યદૃષ્ટિથી ગતાનુગતિક રીતે દેવ ગુરુધર્મનું પોતાની માન્યતા અને સમજણ મુજબ આચરણ કરે છે, પછી તે માર્ગાભિમુખ થાય છે અને પહેલા મિથ્યાત્વગુણ સ્થાનકે આવે છે, ત્યાં યોગની પ્રથમ દૃષ્ટિ, મીત્રાદૃષ્ટિ ખુલે છે યોગનું પ્રથમ અંગ યમ અણસમજણમાંથી અથવા સમજણમાં પણ તે અહિંસાદિનું સેવન સેવા વી કરે છે તેનો સખેદ દોષ નાશ પામે છે, અદ્વેષે ગુણ પ્રગટે છે, યોગબીજનું ગ્રહણ કરે છે, જિનભક્તિ કરે છે, સદ્ગુરુની સેવા કરે છે, ભવ પ્રત્યે ઉદ્વેગ પ્રાપ્ત થાય છે, દ્રવ્યથી અભિગ્રહોનું પાલન કરે છે, સિદ્ધાંતો–શાસ્ત્રોનું લેખન પૂજન કરે છે. આમ તે શત્રુંજયની તળાટીએ પહોચે છે અને ગિરિરાજનાં સોપાન ચડવા શરૂ કરે છે. પેલો બીજો ત્રીજો હડો આમ અણુસમજણ ભાવમાં ચડે છે ત્યાં બીજી તારાદૃષ્ટિ ખુલે છે યોગાંગ નિયમ શાંતિ સંતોષ વિ. ગ્રહે છે. ઉદ્વેગ દોષનો ત્યાગ થાય છે, તેના જિજ્ઞાસા ગુણની વૃદ્ધિ થાય છે. ત્યાં રસ્તામાં સત્સંગની પ્રાપ્તિ થાય છે, ત્યાં ત્રીજી બલાદૃષ્ટિ ખુલે છે અને તે વિસામાના હડા ઉપર આસન જમાવી બેસે છે. યોગાંગ આસનનો પ્રકાશ થાય છે, તૃષ્ણાનો અભાવ થવા લાગે છે, મળક્ષેપ દોષનો ત્યાગ કરે છે. સેવા સુશ્રુષા ગુણથી સાધુઓની સેવા કરવા તત્પર થાય છે ત્યાં ચોથી દીપ્રાદૃષ્ટિનો દીવડો પ્રગટે છે. હીંગળાજ માતાના હડા સુધી પહોંચી જાય છે એ હડો ચડતા ચડતા પ્રાણાયમનું યોગાંગ પ્રગટે છે, ઉત્થાન દોષ જાય છે, તત્ત્વ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રવણ કરવાની ભાવનાનો ગુણ પ્રગટે છે. અહિ સુધી મિથ્યાત્વ ગુણસ્થાન રહે છે.

ત્યાંથી ઉપર ચડે છે ત્યાં આદિશ્વર ભગવાનના જિનાલયોનાં શિખરોનાં દર્શન થાય છે અને બીજનો ચંદ્ર જેમ દેખાય અને આંગળીવડે બતાવાય તેમ ત્યાં સ્થિરાદૃષ્ટિ સમ્યક્દૃષ્ટિની બીજ ચંદ્રિકા પ્રકાશિત થાય છે. યોગાંગ પ્રત્યાહાર પ્રગટે છે, મિથ્યાત્વનો નાશ થાય છે, ભ્રાંતિ દોષ નાશ પામે છે, સૂક્ષ્મબોધરૂપ ગુણ પ્રાપ્ત થાય છે અને એકદમ ચોથું, પાંચમુ, છઠ્ઠું ગુણસ્થાન સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ, શ્રાવકપણું ને સર્વવિરતિ સાધુપણાની અનુક્રમે ક્રમિક વિકાસ યાત્રા શત્રુંજયની યાત્રામાં ઉલ્લાસ ઉત્સાહપૂર્વક ચાલુ રહે છે. હજુ અહિં સુધી પ્રમત્તભાવ હોય છે.

ત્યાર પછી તો દાદાનાં દરબારની જેમ જેમ નજીક પહોંચે છે તેમ ભાવોલ્લાસ અજબ રીતે વૃદ્ધિગત થાય છે. આપણે આ ક્ષેત્રમાં આ કાળમાં વધુમાં વધુ અહીં સુધી જ પહોંચી શકીએ પરંતુ ભાવથી યાત્રા ચાલુ રાખવાની છે પછી તો ઝપાટાબંધ ગુણસ્થાનો ચડવાનાં છે. ૭ પછી ૮–૯–૧૦–૧૨–૧૩મું ગુણસ્થાન એટલે સર્વજ્ઞતા કેવળજ્ઞાન રૂત્પરૂત્યતા વીતરાગતા પ્રાપ્ત થાય છે, કાંતાદૃષ્ટિ–છઠ્ઠી ખુલે છે. ધારણા–યોગાંગ પ્રગટે છે. ૭મી પ્રભાદૃષ્ટિ ખુલે છે અને દાદાનાં દરબારમાં દાદાના દર્શન કરીને ત્યાં ધ્યાનસ્થ થઈ જાય છે. અનુપમ સુખનો અનુભવ કરે છે, સમભાવ–સમતાયોગની પ્રાપ્તિ થાય છે–કર્મના રોગ દોષનો નાશ થાય છે અને આત્મા પરમાત્મ સ્વરૂપ–વિતરાગદશાને પ્રાપ્ત થાય છે અને અંતિમ ૧૪મા ગુણસ્થાનકે ૮મી પરાદૃષ્ટિ ખુલે છે. ભવસ્થિતિ પરિપાક થઈ ગઈ હોય છે અને આઠે કર્મનો ક્ષય થાય છે અને દાદાના શિખર–ઉપરથી ઉર્ધ્વગમન કરી પંચાક્ષરનાં ઉચ્ચાર જેટલા સમયમાં આસંગદોષનો ત્યાગ કરી પરમ સમાધિ યોગાંગ પ્રાપ્ત થાય છે. મોક્ષ પ્રવૃત્તિની પૂર્ણતા એટલે પરાદૃષ્ટિમાં આત્મા શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામમાં અજર–અમર શાશ્વતપદે સિદ્ધાચલ ઉપર જન્મજરા મરણ રહિત, આધિ વ્યાધિ ઉપાધિ રહિત, અનંતજ્ઞાન, અનંતદર્શન અનંતવીર્ય અવ્યાબાધ સુખમાં અગુરુ લઘુપદે અમૂર્તરૂપે–સહજપદરૂપ સાદિઅનંત અનંતસમાધિ સુખમાં અનંતકાળ સુધી પરમશાંતિ પદને પ્રાપ્ત કરે છે.

આવો ભવ્ય આદર્શ શત્રુંજયની યાત્રામાં સમાયેલો છે. આ બધું ટૂંકમાં સ્વરૂપ દર્શાવ્યું છે. બહુશ્રુતજ્ઞાનીઓ તેનું વિસ્તૃત રીતે પ્રકાશન કરી આપણને દ્રવ્ય ક્રિયાઓનું ભાવપૂર્વક ગ્રહણ કરવા માટે દ્રવ્યભાવથી સાચી સમજણ પૂર્વક સમ્યગ્દૃષ્ટિ અર્પશે તો આપણી બધી ક્રિયાઓ સફળ થશે આદ્યદૃષ્ટિ–મિથ્યાદૃષ્ટિમાંથી આપણે સમ્યક્ એટલે સત્યપ્રકાશ પ્રાપ્ત કરીએ અને આપણા તીર્થો જે તરવાનાં સાધન છે તેનો ભાવથી આદર કરીએ, સેવન કરીએ, પૂજન કરીએ, વંદન કરીએ અને વિરમીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિવેક અને ધર્મ

લે. પંડિત શ્રી બેચરદાસ

[ 'આત્મનંદ પ્રકાશ 'ના છેલ્લા પર્યુષણ અંકમાં પંડિત શ્રી બેચરદાસભાઈએ 'તપ' વિશે એક વિસ્તૃત લેખ લખ્યો હતો. તે પરથી એક જિજ્ઞાસુબેનને વધુ સમજવાની ઇચ્છા થતાં કેટલીક બાબતોની સમજુતિ અંગે પૂ. પંડિતજીને પત્ર લખ્યો હતો. તે પત્રના જવાબરૂપે પૂ. પંડિતજીએ તે બહેનને લખેલ પત્ર નીચે આપવામાં આવેલ છે.

ઉપવાસને આપણે તપ માનીએ છીએ. પણ કેવળ અન્નજળનો ત્યાગ કરવો એ તપ નથી. ઉપવાસની સાથોસાથ કષાયો અને વિષયોનો ત્યાગ પણ આવશ્યક છે. શુદ્ધ આત્મસ્થિતિમાં વસવું એ ઉપવાસ છે. સ્વ. ન્યા. ન્યા. મુનિ શ્રી ન્યાયવિજયજીએ તપ વિશે લખતા કહ્યું છે કે, "વાસનાને બાળે તે તપ. આવરણોને ભેદે તે તપ. અહિંસા, સેવા, પરોપકાર, ભક્તિ, ઉપાસના, બ્રહ્મચર્ય એ શારીરિક તપ છે. ઈચ્છા નિરોધ એ તપ છે. વાસના લોલુપતા પર અંકુશ એ તપ છે. જાતે દુઃખો સહી બીજાનું ભલું કરવા ઉદ્યત થવું એ તપ છે." ( મુંબઈ સમાચાર તા. ૧-૮-૧૯૩૧ ).

ધર્મશાસ્ત્રોએ વિનયનો અર્થ વિશિષ્ટ નીતિ કર્યો છે અને નીતિ એ ધર્મનો પાયો છે. દશવૈકાલિક સૂત્ર કહે છે કે, જીવન પર્યંત પોતાના નિમિત્તે કોઈને દુઃખ ન થાય તેવી જાગૃત વૃત્તિથી જીવવું અને સાધના કર્યે જવી એ શ્રમણ ધર્મનું શુદ્ધ ધ્યેય છે."

આજે સમય પલટાયો છે. ભૂતકાળમાં સાધુ ભગવંતો નગર સમીપના ઉદ્યાનમાં રહેતા અને ત્યાં આગળ ધર્મપ્રવચનો સાંભળવા રાજા મહારાજાઓ, મંત્રીઓ અને નગરજનો આવતા આ કારણે તેઓ ધર્મપાલનમાં દત્તચિત્ત રહી શકતા. આજે સાધુ મહારાજોને ધર્મ પ્રવચનો સંભળાવવા નગરોમાં જવું પડે છે. આ કારણે તેઓને અનેક વિડંબનામાંથી પસાર થવું પડે છે. અલબત્ત, વર્તમાનકાળમાં પણ એવા અનેક સુવિહિત સાધુઓ છે કે જેઓ શહેરોથી દૂર નાના ગામડાંઓમાં જ રહી આત્મ સાધના કરતાં કરતાં લોકોને ઉપદેશ આપી રહ્યા છે.

પૂ. પંડિતજીએ કરુણ શબ્દોમાં આંગીની રચના સંબંધે ટકોર કરી છે. પણ આપણા લોકોને સમજવું જ નથી, કારણ કે તેઓ સમજવા માગતા જ નથી. અત્યંત કડક ભાષામાં આંગી રચના વિશે ટીકા કરતાં સ્વ. ન્યા. ન્યા. મુનિશ્રી ન્યાયવિજયજીએ લખ્યું છે, "અંગ રચના કરવામાં કેટલો અવિવેક થાય છે, તેનું પણ કયાં ભાન છે? કોટ, અંગરખા, કબજા, જાકીટ વગેરે વગેરે ભગવાનને પહેરાવીને તમે ભગવાનને કેવા ચિતરવા માંગો છો? એનો કોઈ દિવસ વિચાર કર્યો છે? ભગવાનને ઓળખો! એ છે વીતરાગ. એનું આસનધ્યાનસ્થ યોગીનું છે. એનું આસન, એની બેઠક જ આપણને બતાવે છે કે એ મહાન યોગી અને પરમ સન્યાસી છે. દેવતાઓ અને ઈન્દ્રો સમવસરણની રચનામાં સુવર્ણ રત્ન આદિના ગઢ કરતાં અને અત્યંત લક્ષ્મી પાથરતા, પણ ભગવાનના અંગ પર એક પણ અંગોપાંગ પર જરા પણ આભૂષણ નહોતા પહેરાવતા. ઈન્દ્રો પાસે કઈ ખોટ હતી? તેઓ સમજે છે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કે, આભૂષણો પહેરાવવાથી એ વીતરાગ પ્રભુના પરમ સંન્યાસી શુદ્ધ સ્વરૂપને બાધ આવે. તેમના આ વિવેક અને ડહાપણને આપણે સમજવાની જરૂર છે...કંચન અને કામિની એ બે સંસારના મહાન બંધન ગણાય છે. એ બંનેનો જેણે ત્યાગ કરી સંપૂર્ણ યોગી જીવન પ્રાપ્ત કર્યું છે, તેની મૂર્તિ ઉપર કંચનના અલંકારો સજાવી ગૃહસ્થાશ્રમનો દેખાવ લાવવો એ શું ઠીક ગણાય વારૂ ?"

(ભાવનગરથી પ્રગટ થતું અઠવાડિક "જૈન" તા. ૮-૧૧-૩૧ના અંકમાંથી) ન્યા. ન્યા. વિદ્વાન મુનિરાજશ્રીની દલીલ પછી, શું નથી લાગતું કે વર્તમાનકાળની આંગી રચનાઓમાં ભગવાનની ભક્તિને બદલે આશાતના જ થાય છે? —તંત્રી]

---

અમદાવાદ
તા. ૩૦-૮-૭૬

ચિ. સૌ. બેન કોકિલા,

તારો પત્ર મળ્યો. આજે મુંબઈથી તારા પિતાજીનો પત્ર કુશળ સમાચાર સાથે ખમત-ખામણાનો આવેલ છે.

હું ઘણા વખત પહેલાં ભગવાન શ્રી મહાવીરસ્વામિની જન્મ તિથિ ચૈત્ર શુદિ તેરસના રોજ પ્રવચન કરવા માંડલ ગયેલો, ત્યાં જે ગૃહસ્થને ત્યાં ઉતરેલો તે ઘરે તે શેઠ એકાસણા કરાવતા હતા અને બાસુંદી વગેરેનું ભોજન એકાસણા કરનારાઓને જમાડતા હતા. આ બધી હકીકત સાચી છે પણ તેમના પરણવા વગેરેની જે હકીકત લખેલ છે તે માત્ર મારી કલ્પના છે. પણ એટલું તો ખરૂં જ છે કે એકાસણા કરાવનારને તપ વિશે કોઈ સમજણ ન હતી, તેમ એકાસણા કરનારાઓને પણ શુદ્ધ તપ વિશે બરાબર સમજણ ન હતી. જો ખરેખર તપ કરવું જ હોય અને પોતાની આત્મશુદ્ધિ વા જીવનશુદ્ધિ કરવી હોય તો તપમાં અત્યંત રસદાર અને જીભને ઉત્તેજનાર આહાર કરાય જ કેમ ? આપણા સમાજમાં તપ વિશે અને ધર્મના સ્વરૂપ વિશે સમજનારા વિરલ લોકો છે. તપ એટલે દેહ દમન, ઇન્દ્રિય દમન અને ચિત્ત દમન. એ બધાં સાથે ગુણદોષનું ચિંતન અને એવા ચિંતનને પરિણામે કષાયો ઓછા થાય, લોભ ઓછો થાય, વિલાસ ઓછો થાય અને એ બધાને પરિણામે પ્રાણી માત્રને સુખ થાય, એવો તપ કરવાનો ઉદ્દેશ છે. ધારો કે કોઈ ગૃહસ્થને ત્યાં ઘરમાં ઘી થોડું છે અને ઘરનાં માણસો ને છોકરાંઓ વગેરેને જમવા બેસવાનું છે અને તત્કાળ ઘી આવે તેમ નથી, તો ઘરના જવાબદાર લોકો એટલે માતા પિતા મોટા ભાઈ મોટી બેન વગેરે ઘી નહીં ખાઈને અથવા ઘી ઓછું ખાઈને છોકરાંઓને બરાબર રોટલી ચોપડીને આપે એ એક પ્રકારનું તપ જ છે. આપણે ત્યાં વ્યવહાર અને ધર્મને જુદા પાડી દીધેલ છે તેમાં ઘણી જ ગેરસમજ થયેલ છે.

શુદ્ધ વ્યવહાર, નૈતિક વ્યવહાર, પ્રામાણિક વ્યવહાર, કષાયોની મંદતા અને તમામ વ્યવહારમાં એટલે ખાવા પીવા, પહેરવા-ઓઢવા, બોલવા, સૂવા-બેસવામાં સંયમ-મર્યાદાનું પાલન એ જ ધર્મનું સ્વરૂપ છે અને એવો ધર્મ આરાધવા વીતરાગની ભક્તિ તથા શાસ્ત્ર શ્રવણ અને તેનું ચિંતન મનન તથા તે વડે વ્યવહારના દોષોને દૂર કરવાનો પ્રયત્ન એ જ આત્મશુદ્ધિ છે. તું પૂછે છે કે મશીનમાં શાની હિંસા છે ? મિલના મોટા મોટા મશીનોમાં ચરબી વાપરવી પડે છે એ ભયંકર હિંસા છે. બીજું મશીનોનો ઉપયોગ કરીને માલ બનાવવાથી જે માણસો પોતાને હાથે જરૂર પૂરતા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મશીનનો, રેંટિયો, સીવવાનો સંચો વગેરેનો ઉપયોગ કરીને માલ બનાવે છે, તે લોકો બેકાર થવાના અને એવા લાખો કારીગરો બેકાર થવાથી તેમનો નિર્વાહ શી રીતે થાય? એટલે જે માલ હાથે બની શકતો હોય અને જેમાં પરિશ્રમની જરૂર હોય તે માલને જ અહિંસા-ધર્મી લોકો વાપરે એ જ તેમનો અહિંસા ધર્મ છે, કેમકે એમ કરવાથી લાખો વણકરો, કાંતનારા, રંગનારા અને છાપનારા લોકોનું અને તેમના બાળકો વગેરે કુટુંબનું પોષણ થઈ શકે છે. જો મિલોમાં જ બનેલો માલ વાપરીએ તો ઉપર લખ્યા પ્રમાણે હજારો કારીગરો બેકાર થાય છે અને તેમ થવાથી મશીનો દ્વારા બનેલો માલ વાપરનારા એ બેકારીનું મોટું નિમિત્ત બને છે અને એ જ તો માનવહિંસા છે.

તપ કરનારો તપ કરવા છતાં પોતાના આંતરિક સ્વભાવને શોધવાનો–શુદ્ધ કરવાનો ભાગ્યે જ વિચાર કરે છે. આત્મા અનાહારી છે એમ આપણે માન્યું અને તપ કરનારાઓએ અનાહારીપણાનો અભ્યાસ કરવાનો છે અને એવો અભ્યાસ વધારીને અનાહારી આત્માનો અનુભવ કરવાનો છે. આજ–કાલ જે લોકો ઉપવાસ, અઠ્ઠાઈ, પંદર ઉપવાસ કે માસખમણ વગેરે કરે છે તેમાંના એવા લોકો ઘણા ઓછા છે જે તપનો ઉદ્દેશ સમજતા હોય. જો તપનો ઉદ્દેશ સમજતા હોય તો અત્યારે જે અત્તરવારણા વગેરેની પદ્ધતિ ચાલે છે તે કદી પણ ન ચાલત. 'ચઉત્થભત્ત' 'અબ્ભત્તટ્ઠ'નો અર્થ શાસ્ત્રકારોએ જે બતાવેલ છે તે આમ છે: ચાર ટંક ભોજનનો ત્યાગ એટલે પહેલું એકાસણું, પછી બે ટંક ભોજનનો ત્યાગ અને પછી પારણામાં એકાસણું. એ જ રીતે છ ટંક નહીં ખાવાનું તે છઠ્ઠ અને આઠ ટંક નહી ખાવાનું તે અઠ્ઠમ. તપ કરનારનું જીવન ઘણું જ સાદું, કપડાં સાદા તથા વ્યવહાર શુદ્ધ હોય તો જ તપ કરનારનો તપ શોભે. પણ તપ પૂરો થતાં જ ખાવા પીવાની લાલચ વધે, કપડાંનો શોખ વધે અને બીજી પણ ફેશન વધે તો તપનો કોઈ ઉપયોગી અર્થ સરતો નથી. સાધુઓ અને સાધ્વીઓ જે કપડાં પહેરે છે તે મહારંભવાળી મિલોમાં બને છે અને એથી એ કપડાં મહારંભથી બનેલા હોઇ સાધુઓ–સાધ્વીઓ કેમ વાપરી જ શકે? પણ વિવેક ક્યાંથી લાવવો?

અહિંસા ધર્મનું વિશેષ પાલન કરવા માટે વિશેષ વિવેક જોઇએ તેમજ તપ કરવા માટે પણ વિશેષ વિવેકની જરૂર છે. વિવેક વિના ધર્મનું આરાધન થવું કઠણુ છે અથવા ઘણીવાર ધર્મને બદલે અધર્મ જ થયા કરે છે.

સાધુ સાધ્વીઓ ઉપાશ્રયમાં રહે છે. હવે તેમને લઘુશંકા તથા પાયખાને જવાની જરૂર તો પડે છે. એ માટે પારિષ્ઠાપનિકા સમિતિને બતાવેલ છે. પારિષ્ઠાપનિકા એટલે ત્યાગી લોકો પોતાના મળ–મૂત્ર નાકનો મળ વગેરે મલિન પદાર્થોને એવી રીતે પરઠવે કે જ્યાં કોઇની અવર–જવર ન હોય, ચાલવાનો રસ્તો ન હોય વા રસ્તાની પાસેનું સ્થાન ન હોય. હવે વર્તમાનમાં આ રીતે કોણ વર્તે છે? કુંડિમાં લઘુ શંકા કરીને રસ્તા ઉપર જ નાખવામાં આવે છે જ્યાં લોકો આવતા જતા હોય, છોકરાઓ રમતા હોય વા જાહેર રસ્તા પાસેની જ જગ્યામાં નાખવામાં આવે છે. શૌચ માટે વાડીઓ હોય છે પછી ભંગી દ્વારા એ વાડાઓ સાફ થાય છે અને સાધુઓનો એ મેલો પદાર્થ માણસ જેવો માણસ આપણો જ ભાઈ ભંગી પોતાને માથે ઉપાડીને ગટરમાં નાખી દે છે. આ રીતમાં પારિષ્ઠાપનિકા સમિતિ સચવાતી જ નથી, અને અસ્પૃશ્યતાનું પોષણ થાય છે એ વધારામાં. અત્યારે છે એવા કોઇ સાધુ કે સાધ્વી જે પોતાના મેલાને સાફ કરનાર ભંગી ભાઇને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અપનાવે વા તેને ઉપાશ્રયમાં કે દેરાસરમાં આવવા દે. જો એ ભંગી ભાઈ નાહી ધોઈને ચોકખો થઈને આવે તો પણ અહિંસાને પાળનારા જૈનો તેનો તિરસ્કાર કરે છે અને તેને હડધૂત કરે છે. આ શું ધર્મ છે? આ શું અહિંસા છે? પોતાને ઉપયોગી થનારને અસ્પૃશ્ય માનવો એ કયાંનો ધર્મ છે? ભગવાન મહાવીરના સમયમાં તો ચાંડાળો, મરેલા ઢોરને ચિરનારાઓ પણ જૈન ધર્મ પાળતા હતા અને તેનું કોઇ અપમાન નહીં કરતું તેમજ હડધૂત પણ નહીં કરતું. અરે આવા ચાંડાળો સાધુ થયેલ છે અને હરિકેશી મુનિ ચાંડાળ કુળમાં જન્મેલ અને એની કથા ઉત્તરાધ્યયનમાં આવે છે. મળ મૂત્રને રસ્તામાં ગમે ત્યાં ફેંકવાથી રસ્તાઓ બગડે છે, ત્યાંથી ચાલનારા માણસોને હેરાનગતિ પહોંચે છે અને સમિતિનું પાલન પણ થતું નથી.

તું કહીશ કે ત્યારે સાધુઓ સાધ્વીઓ પોતાના મળ મૂત્રોને કયાં નાખે? એનો ઉત્તર સ્પષ્ટ છે કે તેઓ જ્યાં કોઈ હાલતું ચાલતું ન હોય વા કોઇ માણસને હેરાનગતિ ન પહોંચે એવા સ્થાનમાં નાખવા જોઈએ, પણ શહેરમાં વસનારા સાધુઓ સાધ્વીઓ પોતાના મળમૂત્રને ગટરોમાં વહાવી દે એમ વ્યવસ્થા થવી જોઇએ. તું કહીશ કે શહેરમાં વસનારા સાધુ સાધ્વી પોતાના મળમૂત્રને એમ ગટરોમાં વહાવી દે તો હિંસા થાય. પણ તો પછી સાધુ સાધ્વીઓએ શહેરમાં રહીને શું કામ છે? તેઓએ તો સાધુ ધર્મના પાલન માટે એકાંત સ્થાનરૂપ ગામડું, વન કે ઉપવન એવા સ્થાને રહેવું જોઈએ.

તે કોઈ સાધુ સાધ્વી એવાં જોયાં કે જેઓ ગૃહસ્થને ત્યાંથી ગોચરી લેવા જતા હોય ત્યારે ગૃહસ્થને પૂછે કે ભાઈ, 'આ તમારું અન્ન ન્યાય વડે કમાયેલ ધનથી તૈયાર થયેલ છે? તમે વેપાર કરતી વખતે ભેળસેળ કરો છો, ઓછું જોખો છો? વેપારમાં ખોટું બોલો છો? જે કપડાં અમને આપો છો તે મિલ વગેરેના મહારંભ વડે બનેલાં છે કે અલ્પારંભ વડે બનેલાં છે? સંસારમાં હિંસા વિના કોઈ જીવી શકતું જ નથી, પછી ભલે તે સાધુ હોય વા સાધ્વી હોય, વા ગમે તેવો જ્ઞાની હોય ત્યારે આપણે અહિંસા ધર્મ શી રીતે પાળવો? એનો ઉત્તર એ છે કે જે પદાર્થ કે વસ્તુની બનાવટમાં ઓછી હિંસા—ઓછામાં ઓછી હિંસા થતી હોય એવા જ પદાર્થ ખાનપાન કપડાં પુસ્તકો વગેરે પસંદ કરવામાં આવે તો હિંસામાંથી થોડે ઘણે અંશે બચી શકાય. પણ અત્યારે જેમ ચાલે છે તેમજ ચાલે અને લોકો માસખમણ વગેરે કરે તો ભલે તેમની પ્રતિષ્ઠા લોકોમાં થાય, પણ આત્મશુદ્ધિ કે જીવનશુદ્ધિ ભાગ્યે જ થઈ શકે. તપ કરનારે સ્વાદનો ત્યાગ, ફેશનનો ત્યાગ, વિલાસનો ત્યાગ, વ્યસનોનો ત્યાગ, તપની શરૂઆત કરતાં પહેલાં અતરવારણા વગેરે છોડવા જ જોઇએ. એમ થાય તોજ ઇંદ્રિયોનો જય અને મનનો જય થઇ શકે. જેમ ચાલે છે તેમજ ચાલે તો કષાયો જીતી ન શકાય, ફેશનનો કે હિંસક પદાર્થોના ઉપયોગનો ત્યાગ પણ ન થઈ શકે. ધર્મ વિવેકમાં છે, વર્તમાનમાં વિવેકનો ઉપયોગ ઓછો થઈ ગયો છે. વિવેક હોય તો સમજુ, વીતરાગ ભગવાનને આંગીમાં ઘડિયાળ પહેરાવે? આ પત્ર નિરાંતે વાંચજે, વિચારજે અને વળી પૂછવું હોય તો સંકોચ વગર પૂછી શકે છે.

તારી ફઈબાના શુભ આશિર્વાદ.

—બેચરદાસ.

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# समणसुत्तं—ગુજરાતી અનુવાદ
## એક સમીક્ષા



લેખક :
**ખીમચંદ ચાંપશી શાહ**

ભગવાન મહાવીરના નિર્વાણને પચ્ચીસ સદીઓ વીતી ગઈ હોવાથી ગત વર્ષ "ભ૦ મહાવીર નિર્વાણ પચ્ચીસ શતાબ્દિ વર્ષ" તરીકે ઉજવવામાં આવ્યું હતું. તેની એક નોંધપાત્ર વિશિષ્ટતા એ હતી કે આ ઉજવણીમાં જૈનોના ચારેય ફિરકાઓએ, પોતાના અરસ-પરસના મતભેદો–મતાંતરો એક બાજુએ મૂકીને ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જૈનોમાં ફિરકાઓ પડ્યા પછી કોઈ ધાર્મિક પ્રસંગ બધા ફિરકાઓએ સાથે મળીને ઉજવ્યો હોય તેવો આ પ્રથમ જ પ્રસંગ છે અને તેથી તેનું મહત્ત્વ ઘણું જ છે. આજના યુગનો સાદ છે સહકાર અને સંગઠન. આ સાદ સાંભળીને ચારે ફિરકાના જે જે આચાર્યો, મુનિઓ, શ્રાવકો વગેરેએ એકઠા મળી આ પ્રસંગ જૈન ધર્મના ગૌરવ અને પ્રભાવને અનુરૂપ શાનદાર અને ભવ્ય રીતે ઉજવ્યો, તે તે સૌને ધન્યવાદ ઘટે છે.

આખા ભારતવર્ષમાં ગામેગામ વિધવિધ કાર્યક્રમો ઉત્સાહપૂર્વક યોજાયાં. પરંતુ તે બધામાં એક કાર્યક્રમ તો કાયમના માટે ખૂબ ઉપયોગી અને જૈન ધર્મના જાગતિક પ્રચાર માટે ખૂબ સહાયભૂત બને તેવો થયો. તે છે समणसुत्तं નામના આગમ જેવા પ્રમાણભૂત ગ્રંથનું સંકલન અને પ્રકાશન.

દરેક ધર્મની પાછળ અમુક પ્રકારની વિચાર-સરણી રહી હોય છે. આ વિચારસરણીમાંથી તે ધર્મની પાયારૂપ ગણાય તેવી બે બાબતો ઉદ્ભવે છે–સિદ્ધાંત અને આચાર. આ સિદ્ધાંતો અને આચાર પ્રણાલીને સમજાવતા ગ્રંથો રચાય છે અને તે ગ્રંથો તે તે ધર્મના પાયાના ગ્રંથો બને છે. તેમનામાં અતૂટ શ્રદ્ધા એ તે તે ધર્મના અનુયાયીઓની ફરજ બની રહે છે. જૈન ધર્મમાં આવા ગ્રંથોને **આગમ** કહેવામાં આવે છે.

ભારતમાં ત્રણ મુખ્ય ધર્મો છે:—હિંદુ (પૌરાણિક), જૈન અને બૌદ્ધ. આ ત્રણેય ધર્મોમાં પ્રમાણભૂત ગ્રંથો ઠીક ઠીક સંખ્યામાં છે. આ ગ્રંથોની સંખ્યા અધિક હોવાથી અભ્યાસીઓને તે તે ધર્મોનો પરિચય કરવામાં સારી એવી મુશ્કેલીઓ અનુભવવી પડે. પરંતુ હિંદુ ધર્મના સારરૂપ એક નાનકડું સાતસો શ્લોકોનું સર્વ-માન્ય પુસ્તક છે ભગવદ્ ગીતા. તે જ પ્રમાણે બૌદ્ધોમાં પણ ધર્મના સારરૂપ એક સર્વમાન્ય ચારસો તેવીસ ગાથાનું એક નાનકડું પુસ્તક છે ધમ્મપદ. જૈન ધર્મમાં આવા એક પુસ્તકની ઊણપ હતી. આનંદની વાત છે કે આ ઊણપ આ ઉજવણી વર્ષ દરમિયાન પૂરી કરવામાં આવી.

પૂજ્ય આચાર્ય વિનોબાજી એક સંત પુરુષ છે. તે સત્યાગ્રહી હોઈ જગતના સર્વ ધર્મોના અભ્યાસી છે. તેમણે હિંદુ, બૌદ્ધ, ખ્રિસ્ત, ઈસ્લામ વગેરે ધર્મોનો અભ્યાસ કરી તેમના સારરૂપ પુસ્તકો લખ્યાં છે. જૈન ધર્મના અભ્યાસ માટે નાના પણ પ્રમાણભૂત ગ્રંથની ઊણપ તેમને સાલી અને તે પૂર્ણ કરવા તેમણે સૂચન કર્યું. તેમના જેવા ભદ્ર પરિણામી સંત પુરુષનું સૂચન નિષ્ફળ જાય જ નહિ. તે સૂચન બ્રહ્મચારી જિનેન્દ્રકુમાર વર્ણીજીએ ઉપાડી લીધું. તેમણે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રથમ 'જૈન ધર્મ સાર' નામના પુસ્તકનું સંકલન કર્યું. ત્યારબાદ અન્ય વિધાનોનો સાથ મળતાં 'जिणधम्म' રચ્યું. છેવટે વિદ્વાન જૈન આચાર્યો, મુનિઓ, શ્રાવકો તથા અન્ય વિદ્વાનોની એક સંગીતિ બોલાવી તેની સમક્ષ આ પુસ્તક મૂક્યું. આ સંગીતિએ આ પુસ્તકને બરાબર ચકાસી જોઈ, તેમાં યોગ્ય ફેરફારો સૂચવી તેને આખરી સ્વરૂપ તથા નામ આપ્યાં. આમ જગતને જૈન ધર્મના સિદ્ધાંતો અને આચારપ્રણાલી સમજાવતું નાનું પણ જૈનોના ચારેય ફિરકાઓને સ્વીકૃત એવું આગમ જેવું પ્રમાણભૂત પુસ્તક મળ્યું. ખરે ખર આ સિદ્ધિ માટે, પ્રેરણા કરનાર આચાર્ય વિનોબાજી, અથાક મહેનત લઇ પાયાનું સંકલન કરનારા બ્રહ્મચારી **શ્રી વર્ણીજી** તથા સંગીતિમાં પરોક્ષ અથવા અપરોક્ષ રીતે ભાગ લઇ તેને પ્રમાણભૂત અંતિમ સ્વરૂપ આપનાર આ સૌ આપણા ધન્યવાદને પાત્ર છે.

ભગવાન મહાવીરના નિર્વાણ પછી લગભગ એક હજાર વર્ષના સમય દરમિયાન આગમજ્ઞાન મુખપાઠેથી સાચવવામાં આવતું હતું. તેમાં જરાયે ફેર ન પડે તેટલા ખાતર દરરોજ મુખથી પઠનપાઠનની આવશ્યકતા રહેતી હવે દુષ્કાળોના કે અન્ય સંકટોના કારણે મુનિઓએ મધ્ય દેશમાંથી જુદા પડી દૂર દેશાવરમાં ચાલ્યા જવું પડતું અને આ વિહાર દરમિયાન દૈનિક પઠન–પાઠન નિયમિત રીતે તેમનાથી થઇ શકતું નહિ. એટલે સ્મૃતિમાં ફેર પડી જતો અને આગમના પાઠોમાં ભિન્નતા આવી જતી. આથી આ શ્રુતજ્ઞાનમાં અવ્યવસ્થા ઊભી થતી. એટલે જ્યારે સુકાળ અને શાંતિના સમયમાં દેશાવર ગયેલા મુનિઓ પાછા આવતા, ત્યારે બધા મુનિઓને એકત્ર કરી, એકબીજાને જે યાદ હોય તેની નોંધ લઇ આગમોના પાઠો નક્કી કરવામાં આવતા મુનિઓની આવી સભાને સંગીતિ કહેવામાં આવે છે. જૈનોમાં આજ અગાઉ ચાર સંગીતિઓ મળી હતી, તેવી નોંધ મળે છે. પ્રથમ સંગીતિ ભ. મહાવીરના નિર્વાણ પછી લગભગ એકસો ને સાઠ વર્ષની આસપાસના સમયમાં પાટલિપુત્રમાં મળી હતી. બીજી મથુરામાં અને ત્રીજી વલભીમાં નિર્વાણ પછી નવમા સૈકાના પૂર્વાર્ધમાં મળી હતી. ચોથી પણ વલભીમાં નિર્વાણ પછીના દશમા સૈકાના ઉત્તરાર્ધમાં મળી હતી. આમાં પહેલી સંગીતિ વખતે જૈનોમાં સંપ્રદાયો ઊભા થયા ન હતા એટલે તે સમસ્ત જૈન સંઘની હતી. ત્યારબાદ જૈનોમાં શ્વેતાંબર અને દિગંબર એમ બે મોટા સંપ્રદાયો ચાલુ થઈ ગયા હતા. એટલે બીજી, ત્રીજી અને ચોથી સંગીતિઓ માત્ર શ્વેતાંબરોની જ હતી, તેમાં દિગંબરોએ ભાગ લીધો ન હતો. ચોથી સંગીતિ પછી લગભગ દોઢ હજાર વર્ષે વિ. સં. ૨૦૩૧ કાર્તિકી પૂર્ણિમા અને વદિ એકમ ઈસ્વીસન ૧૯૭૪ નવેમ્બર તા. ૨૯ અને ૩૦)ના રોજે દિલ્હીમાં મળેલી. આ સંગીતિ આમ તો પાંચમી છે પણ જૈનોના ચારેય ફિરકાઓએ તેમાં ભાગ લીધેલ હોવાથી પાટલિપુત્રની પછી તેને સમસ્ત જૈન સંઘની બીજી સંગીતિ તરીકે ગણી શકાય. વળી તેની ખાસ વિશિષ્ટતા એ હતી કે તેમાં જૈન આચાર્યો, મુનિઓ, સાધુઓ ઉપરાંત વિદ્વાન જૈન શ્રાવકોએ પણ ભાગ લીધો હતો. આ સંગીતિએ જે પ્રશંસનીય કાર્ય કર્યું તે સમણસુત્તંનું સંકલન.

જૈનો ૭ અને ૧૦૮ની સંખ્યાઓને પવિત્ર ગણે છે, ૭ને ૧૦૮ વાર લેતાં ૭૫૬ (૭×૧૦૮) આવે છે. એટલે આ ગ્રંથમાં ૭૫૬ ગાથાઓનું સંકલન કરવામાં આવ્યું છે, જૈનધર્મ તત્ત્વજ્ઞાન, તથા આચારપ્રણાલીનો સર્વાંગીણ સંક્ષિપ્ત પરિચય સામાન્ય માણસને થઈ જાય તે હેતુ દૃષ્ટિ સમક્ષ રાખી આ ગાથાઓ પ્રાચીન મૂળ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગ્રંથોમાંથી ચૂંટવામાં આવી છે, અને તે ચાર ખંડો તથા તેમાં વિષયવાર ચુમ્માલીસ પ્રકરણોમાં સમાવિષ્ટ કરવામાં આવી છે. આમ સાંપ્રદાયિક આગ્રહોથી પણ મૂળ સ્વરૂપમાં જૈન સિદ્ધાંતો અને આચાર પ્રણાલીનો પરિચય આપતો આ એક સર્વ સંમત ગ્રંથ બન્યો છે.

ગ્રંથના અંતે બે પરિશિષ્ટો આપ્યાં છે. ગાથાનુક્રમણિકાનું અને બીજું પારિભાષિક શબ્દકોશનું. આમાં જો દરેક ગાથાનું મૂળ દર્શાવતું ત્રીજું પરિશિષ્ટ ઉમેરવામાં આવે, તો અભ્યાસીઓને વધારે ઉપયોગી થઇ પડે નવી આવૃત્તિના પ્રકાશન વખતે પ્રકાશકો મારૂં આ સૂચન સહાનુભૂતિપૂર્વક વિચારી જોશે તેવી હું આશા રાખું છું.

ભગવદ્ગીતા અને ધમ્મપદના જગતની મુખ્યમુખ્ય ભાષાઓમાં અનુવાદો થયા છે, અને તેની હજારો નકલો પ્રચારમાં મૂકવામાં આવી છે. આજે હિંસા, ગરીબી અને વેરઝેરથી હેરાન પરેશાન થઇ ગયેલા જગતને સુખ અને શાંતિ માટે બીજા કોઈપણ સંદેશા કરતાં ભ. મહાવીરના અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતવાદના સંદેશાની વિશેષ જરૂર છે. આપણે જો આ સંદેશો જગતના ખૂણેખૂણે પહોંચાડવા માગતા હોઈએ, તો આ ગ્રંથના પણ જગતની મુખ્ય મુખ્ય ભાષાઓમાં અનુવાદો કરાવી તેનો પ્રચાર કરવો જોઇએ. જૈન ધર્મ અને સંસ્કૃતિના પ્રચારને વરેલી કોઈ સંસ્થા આ કાર્ય યત્કિંચિત્ પણ ઉપાડી લેશે, તો તેણે જૈન ધર્મની અને માનવજાતની પ્રશસ્ત સેવા કરી ગણાશે.

હવે છપાયેલા મૂળ પાઠ અને ગુજરાતી અનુવાદ તરફ નજર કરીએ. પ્રથમ મૂળ પાઠ જોઇએ.

(૧) ગા. ૨૦૪ના સંસ્કૃત છાયાની પહેલી પંક્તિના આરંભે બે અક્ષર છપાતા રહી ગયો છે. તે નવી આવૃત્તિમાં સુધારી લેવો.

(૨) ગા. ૩૫૯ સં. છાયાની બીજી પંક્તિના અંતે ज्ञेपु શબ્દ વધારાનો મૂકયો છે. તેની આવશ્યકતા છે ખરી?

(૩) ગાથા ૭૫૨ મૂળ ગાથાના બીજા પાદનો પહેલો શબ્દ ओहंतलरे બરાબર છે?

મૂળ પાઠ તદ્દન શુદ્ધ હોવો ખાસ આવશ્યક છે, તો મૂળ પાઠ ઉપર ફરીથી યોગ્ય સુધારા કરી લેવા શ્રી સર્વોદય પ્રકાશન સમિતિને મારૂં નમ્ર સૂચન છે.

ગુજરાતી અનુવાદ શ્રી અમૃતલાલ સવચંદ ગોપાણીએ કર્યો છે. તેમની યોગ્યતા અને આ કાર્ય માટેની ક્ષમતા માટે બે મત હોઈ શકે નહિ. અનુવાદ સરળ, સુવાચ્ય અને સુબોધ બન્યો છે. ગુજરાતી અનુવાદ હિંદી અનુવાદ ઉપરથી કરવામાં આવ્યો હોય તેમ જણાય છે. એટલે હિંદી અનુવાદમાં જે ક્ષતિઓ હોય, તે ગુજરાતી અનુવાદમાં આવે જ. પરંતુ કેટલીક ક્ષતિઓ, અનુવાદ કદાચ ઉતાવળે કરવો પડ્યો હોય તે કારણે, ખાસ ગુજરાતી અનુવાદમાં આવી ગઈ છે. તો અનુવાદકશ્રી એક વખત ચોકસાઈપૂર્વક આ અનુવાદ ઝીણી નજરે તપાસી જશે અને બીજી આવૃત્તિ વખતે ક્ષતિઓ યોગ્ય રીતે સુધારી લેશે તેવું મારૂં નમ્ર સૂચન છે.

હિંદી આવૃત્તિમાં સંગીતિની બેઠકના બે ફોટાઓ છે, તે ગુજરાતી અવૃત્તિમાં નથી. આવા ફોટાઓનું મનોવૈજ્ઞાનિક મૂલ્ય છે. ગુજરાતી આવૃત્તિમાં પણ તે આમેજ કરવામાં આવે તે ઈચ્છનીય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગતિ પ્રત્યનીક

લેખક :
પં. પૂર્ણાનંદવિજયજી (કુમાર શ્રમણ)

ભગવતી સૂત્રના આઠમા શતકના આઠમા ઉદ્દેશામાં પ્રત્યનીકોનું વર્ણન છે. તેમાં ગતિ પ્રત્યનીકો માટે આ પ્રમાણે જાણવું.

પ્રત્યનીક એટલે વિરોધીઓ તે જેમ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંતોના હોય છે. તેમ ગતિને આશ્રય કરીને પણ પ્રત્યનીકો ત્રણ પ્રકારે કહ્યાં છે :–

(૧) ઈહલોક પ્રત્યનીક.

(૨) પરલોક પ્રત્યનીક.

(૩) ઉભયલોક પ્રત્યનીક.

ટીકાકારના અનુસારે આ ત્રણેની વ્યાખ્યા નીચે પ્રમાણે છે :

**(૧) ઇહલોક પ્રત્યનીક :–**

એટલે મહાપુણ્ય યોગે મળેલી પાંચે ઇન્દ્રિયોને સંયમમાં રાખીને તે દ્વારા ઘણાં આધ્યાત્મિક કાર્યો કરી લેવા જોઈતા હતાં. કેમકે આત્મકલ્યાણ સાધવાને માટે ઇન્દ્રિયો પણ સાધન છે. અને તે સ્વાધ્યાય બળ દ્વારા આત્મ વશ બનેલી સાધકની ઈષ્ટ સાધનામાં સહાયક બનવા પામે છે. અન્યથા બળજબરીથી ઇન્દ્રિયોને મારી નાખવા માત્રથી પાપોના દ્વાર બંધ થતા નથી. ઘણીવાર આપણે જાણીએ છીએ કે ઇન્દ્રિયોને બાહ્યદૃષ્ટિએ મૌન આપેલું હોવા છતાં પણ સાધક પોતાના સિદ્ધિના સોપાનો એક પછી એક સર કરી શકતો નથી, અને પ્રકારાન્તરે પણ અધઃપતનના ઊંડા ખાડામાં પડીને પોતાનો નાશ કરે છે. કેમકે બાહ્ય ઇન્દ્રિયો નહીં હોવા છતાં પણ અંધા, બહેરા, મૂંગા, ખોખડા તથા હાથ પગના લુલા લંગડા માણસોને આપણે પાપ કાર્યોમાં મસ્ત બનેલા જોઈએ છીએ. માટે "સ્વાધ્યાય બળ દ્વારા તપ તથા જપના સુગમ માર્ગે પ્રસ્થાન કરેલી આભ્યંતર ઇન્દ્રિયો જ બાહ્ય ઇન્દ્રિયોને કંટ્રોલમાં રાખવા માટે સમર્થ હોય છે."

આભ્યન્તર ઇન્દ્રિયોને સુસંસ્કારી મન સ્વાધીન કરે છે અને સંયમધારી આત્માને આધીન મન હોય છે.

આમ મોક્ષ માર્ગનો સરળ માર્ગ વિદ્યમાન હોવા છતાં પણ કેટલાક અજ્ઞાનીઓ પોતાની ઇન્દ્રિયોને બળજબરીથી વશમાં લેવા માટે નિરર્થક અને કષ્ટસાધ્ય માર્ગને અપનાવીને મોક્ષ મેળવવા માટે દ્વાર જેવા મનુષ્ય ભવને ઉંધે માર્ગે લઈ જઈ આ લોકના તેઓ પ્રત્યનીક બનવા પામે છે.

યદિ મનમાં સંયમ નથી, ઇન્દ્રિયો સ્વ–વશ નથી, આત્મામાં અજ્ઞાન છે, તો નેતી–ધોતી, પ્રાણાયામ, ઉંધે માથે લટકવાનું કે પદ્માસને બેસવાનું પણ તે આત્માને માટે નિરર્થક સાબિત થશે અને તેમ થતાં તેવા સાધકો પોતાના ભવને બગાડનારા બનશે.

**(૨) પરલોક પ્રત્યનીક :–**

બળજબરીપૂર્વક ઇન્દ્રિયોને સ્વાધીન કરવાનો માર્ગ જેમ નિષ્કંટક નથી, તેમ અજ્ઞાન–મોહ અને માયાને વશ થઈ ઇન્દ્રિયોના સર્વથા ગુલામ બની જનાર સાધક પરલોક પ્રત્યનીક છે. એટલે કે પોતાનો આવતો ભવ પણ બગાડી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રહ્યો છે. કેમકે માનવ શરીરરૂપી ભાડાના મકાનથી પોતાના આત્માની વિશેષ સાધના કરવી જરૂરી હતી, પણ ઇન્દ્રિયોના ગુલામ બની જઇને સાધક આ ભવ માટેની મોજ મઝા ભલે માણી લેશે, પણ પોતાના ભવાંતરને તો એવી રીતે બગાડશે જેને લઈ લાખો ભવ સુધી પણ માનવ શરીર પામવું અતિ દુર્લભ બનશે.

ઇન્દ્રિયોની ગુલામી સ્વીકારનાર માનવ સર્વથા પરાધીન છે-પરતંત્ર છે, જ્યારે ઇન્દ્રિયોને જ ગુલામ બનાવનાર માનવ સર્વથા સ્વાધીન છે-સ્વતંત્ર છે.

સ્વ એટલે આત્મા અને તંત્ર એટલે આધીન. જે ભાગ્યશાળી પોતાની ઇન્દ્રિયોને અને મનને આત્મ વશ કરશે તે જ સાચો સ્વતંત્ર છે.

'सा विद्या या विमुक्तये' તે જ સાચી વિદ્યા છે જે મુક્તિને અપાવે. અહીં મુક્તિનો અર્થ સીધે સીધો મોક્ષ કરવાની ઉતાવળ કરવી નહીં. પણ દુષ્ટ અને દુરાચાર માર્ગે સંચાર કરનારી ઇન્દ્રિયોથી અને મનથી પોતાના આત્માને મુક્ત કરે તે વિમુક્તિ છે.

અનાદિકાળથી આપણો આત્મા ઇન્દ્રિયોને આધીન બન્યો છે. માટે તેનું જ્ઞાન અને વિજ્ઞાન પણ આહાર-મૈથુન-પરિગ્રહ અને ભય સંજ્ઞાનો જ પોષક રહ્યો છે.

કેમકે જે ઇન્દ્રિયોનો ગુલામ બનેલો છે તે આહાર સંજ્ઞાનો અવશ્યમેવ ગુલામ છે અને જે આહાર સંજ્ઞાની ગુલામી કરીને બેઠો છે તેનાથી મૈથુન સંજ્ઞાનો છુટકારો થઈ શકે તેમ નથી, અને જે મૈથુન સંજ્ઞાથી વાસિત છે તે પરિગ્રહ સંજ્ઞાને કંટ્રોલમાં કરી શકે તેમ નથી અને જ્યાં પરિગ્રહ સંજ્ઞાની હાજરી છે ત્યાં ભય સંજ્ઞાની વિદ્યમાનતા રહેવાની જ છે.

દેવ દુર્લભ મનુષ્ય અવતારને મેળવી ચૂકેલા ભાગ્યશાળીને સમજવું જોઈએ કે ઉપરની ચારે સંજ્ઞા તો પશુઓમાં અને પક્ષીઓમાં પણ હોય જ છે. માટે પશુ સદૈવ વિવેકહીન જ રહે છે.

માનવ શરીર પ્રાપ્ત કરીને પણ માનવ યદિ ચારે સંજ્ઞા ઉપર આધીનતા મેળવવા માટે ટ્રેનિંગ ન લઇ શકયો તો માનવનું જીવન પણ વિવેક ભ્રષ્ટ બનવા પામશે અને તેમ થતાં વિવેક ભ્રષ્ટોનું અધઃપતન સર્વથા અનિવાર્ય છે ઇંદ્રિયો દુર્જય શા માટે ?

અનાદિકાળથી મોહ-માયા અને કામદેવના કુસંસ્કારોમાં પોષાયેલી ઈન્દ્રિયો અને મનના માલિકોના શરીરમાં રહેલા સાતે ધાતુઓ પણ અશુદ્ધ અને પાપકર્મોને પોષણ કરીને તેના ઉત્તેજના કરનારા જ હોય છે.

આવી પરિસ્થિતિમાં અર્થાત કુવાસના પૂર્વકના ઈન્દ્રિયોના ગુલામો ભલે બદામનો શીરો, અને ઘરના આંગણે બાંધેલી ગાય-ભેંસના દૂધ-દહીં અને મલાઈના માલપુઆ ખાતા હોય. ઘરના ખેતરમાં પાકેલા ગેહું-ચણા-બાજરી આદિના રોટલા ગાયના ઘીમાં ડુબાડી ડુબાડીને ખાતા હોય તો યે સારામાં સારા ખોરાકમાંથી પણ બનેલો રસ, અને રસમાંથી બનેલ લોહી-માંસ હાડકા-મેદ મજ્જા અને શુક્ર (વીર્ય) પણ સર્વથા તામસિક અને રાજસિક બનવા પામશે.

શ્રાદ્ધ ગુણ વિવરણકાર તો ત્યાં સુધી કહે છે કે જેમ ક્રોધના આવેશમાં ખાધેલો સારામાં સારો ખોરાક પણ માણસને કે તપસ્વીને પણ ક્રોધી બનાવ્યા વિના રહેતો નથી, તેમ કામચેષ્ટા, ગંદીભાવના અને કામુક રસમાં તરબોળ બનીને કરાયેલો સારામાં સારો ખોરાક પણ માણસને કામુક જ બનાવશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવા પ્રકારના અત્યંત કામુક બનેલા માતા-પિતાના શુક્ર અને રજથી આપણું શરીર (પિંડ) બનેલું હોય છે. તેમના સાતે ધાતુઓના કુસંસ્કારો તેમના પુત્રો કે પુત્રીઓમાં પણ આવ્યા વિના રહેતા નથી, કેમકે સંતાન માત્રનું શરીર માતાની કુક્ષિમાં જ રચાયેલું હોવાથી, માતાનું તામસિક અને રાજસિક રજ અને પિતાના દુરાચારી સંસ્કારને પામેલું વીર્ય જ મુખ્ય કારણ બનીને તેવા પ્રકારની ચેષ્ટાઓ કરાવવાનું કામ કરે છે. ત્યારે જ તો પારણે ઝૂલતા સાવ નાની ઉમ્રના હજારો બાલુડાઓને જોયા પછી જ અનુમાન કરતાં વાર નથી લાગતી કે આટલી નાની વયે તેમનામાં આવા કુસંસ્કારો ક્યાંથી આવ્યા ?

જે સંતાનોના માતાપિતાઓ પૌષધ–પ્રતિક્રમણ તથા નાની મોટી તપશ્ચર્યાઓ કરતા હોય છે, છતાંયે તેમના બાળકોને પણ કુસંસ્કાર સંપન્ન જોઇએ છીએ ત્યારે માનવું જ પડશે કે કથિત ધર્મને કરનારા પણ પોતાના આન્તર જીવનને શુદ્ધ તથા પવિત્ર બનાવવાને માટે બેધ્યાન જરૂર રહ્યા છે, તેના જ પરિણામે તેમના સંતાનો જૂઠ–પ્રપંચ અને દુરાચારના શોખીન બનવા પામ્યા છે.

યદ્યપિ જન્મ લેનારા જીવોમાં આરાધના (પુરુષાર્થ) બળ કાચું હોવાના કારણે પૂર્વભવીય સંસ્કારોની કલ્પના કરવી ખોટી નથી. છતાંયે આવા જીવો આવી રીતના કુસંસ્કારી માતા–પિતાઓને ત્યાં જન્મ લે છે, તેમાં પોતાનું ઉપાદાન જેમ કુસંસ્કારી હોય છે, તેમ તેમના માતા–પિતાનું કુસંસ્કારી જીવન અને તેમના રજશુક્રમાં રહેલા કુસંસ્કારો જે નિમિત્ત કારણો છે, તે અત્યંત બળવાળા હોવાથી જન્મ લેનારા સંતાનને પણ સુસંસ્કારી બનવા દેતા નથી.

ભણી ગણીને બહુ જ હોંશિયાર બની ગયેલા તેમજ હજારો–લાખો માણસોનું રંજન કરવાની તાકાતવાળા તેમજ પારકાઓને સલાહ દેવામાં ખૂબ સારી રીતે ડહાપણને ધરાવનારા આપણે પોતે જ આપણાં આંતર જીવનનું જો નિરીક્ષણ કરીએ તો આપણને પોતાને પણ નવાઇ લાગે છે કે—

બીજાઓને સદાચાર દેખાડનારો હું કેટલો દુરાચારી છું ?

દાનેશ્વરીની પ્રશંસા કર્યા પછી પણ મારી કૃપણુતા કેટલી ?

સમતા ભાવનો ઉપદેશ દેનારો હું પોતે આટલો ક્રોધી ?

તપશ્ચર્યાનો ઉપદેષ્ટા હું પોતે કેટલો ખાઉધરો ?

સંઘની મહિમા ગાયા પછી મેં પોતે સંઘને હાનિ કેટલી પહોંચાડી છે ?

ત્યાગધર્મની ચરમસીમા દેખાડ્યા પછી પણ મારો એકલાનો પરિગ્રહ કેટલો ?

ઇત્યાદિ અગણિત વાતોનું નિરીક્ષણ કરતાં આપણને લાગશે કે આવું શી રીતે બને છે ?

મનને ખૂબ સમજાવ્યા પછી જ્યારે આવું બને છે ત્યારે આપણા પૂર્વભવીય સંસ્કારોની અને માતા–પિતાના કુસંસ્કારોની તાકાતનું માપ કાઢતા વાર લાગતી નથી.

ઘણીવાર ઇંદ્રિયોને અને મનને આધીન નહિ થવાની આત્મિક તૈયારી કર્યા પછીપણ અમુકઆછા પાતળાં નિમિત્તો મળતા આપણા મનમાં શૈથિલ્ય (ઢીલાશ) આવતાં ઇન્દ્રિયોની ગુલામી ફરીથી સ્વીકાર કરીને અપકૃત્ય કરી બેસીએ છીએ અને ત્યારપછી લમણે હાથ દઇ પસ્તાવો કરીએ છીએ.

આમ આખી જીંદગી ઇન્દ્રિયોની ગુલામી છોડી શકયા નથી અને મગરના આંસુ જેવો પસ્તાવો પણ છોડયો નથી અને ભવ પૂરો થયો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ પ્રમાણે ઇન્દ્રિયોના તેવીસ (૨૩) વિષયમાં આસક્ત બનેલા જીવો પરલોકના પ્રત્યનીક છે. એટલે કે પોતાનો આવતો ભવ બગાડનારા છે.

**(૩) ઉભયલોક પ્રત્યનીક**

એટલે આ ભવ અને પરભવને બગાડનારાઓનો સમાવેશ આમાં થાય છે.

માનવમાત્રનું જીવન પોતાના પૂર્વભવમાં કરેલાં પાપકર્મો અને પુણ્યકર્મોને આધીન છે. ત્યારે જ લાખો માણસોને આપણે જોઇએ છીએ કે—

(૧) તનતોડ પ્રયત્ન કરવા છતાં દાળરોટી પણ મેળવી શકતા નથી.

(૨) વિવાહિત જીવન માટેની ઝંખના છતાં લગ્નગ્રંથિથી જોડાઈ જવાની શકયતા પણ ઘણાઓમાં જોવાતી નથી.

(૩) માંડેલા ગૃહસ્થાશ્રમમાં દીવાળીના દીવડા લગાડવા જોઈતા હતા, પણ આવડતના અભાવમાં આખુંયે જીવન કલેશ કંકાસની હોળીમાં નેસ્ત નાબુદ થયું.

(૪) અર્થ અને કામના ભોગવટાથી આશીર્વાદ મેળવવા જોઈતા હતાં, પણ જીવનના પ્રારંભ કાળમાં થયેલી ભૂલોના અભિશાપે વૃદ્ધાવસ્થા રોગિષ્ટ અને આર્ત્તધ્યાનમયી બની છે.

(૫) પાપોદયના કારણે કામદેવની ઉપાસનામાં જ જીવનધન બરબાદ થયું.

(૬) લક્ષ્મીદેવીના અભાવમાં આખુંયે જીવન વનવગડાના રોઝ જેવું રહ્યું.

સંસારભરની અસહ્ય વેદના ભોગવતાં વૃદ્ધ થયા.

આકાશ સામે મીટ માંડી યૌવનકાળ પૂરું થયું.

રોષ અને ક્રોધ જ જીવનમાં શેષ રહ્યાં.

સ્વસ્ત્રીનો પણ આદર મેળવી શકયો નથી.

ઈત્યાદિક સંતાપોથી આખુંયે શરીર અને જીવન સંતપ્ત રહ્યું.

આ બધાંએ પાપ કર્મોના ફળો છે. જેમાં લાખો-કરોડો માણસો રીબાઇને જીવન સમાપ્ત કરી રહ્યાં છે. આનાથી વિપરીત પુણ્ય કર્મોનો જ્યારે ઉદય હોય છે, ત્યારે માનવને મનગમતાં ભોજન, વસ્ત્ર, ઔષધ, સ્ત્રી અને પુત્ર પરિવારની પ્રાપ્તિ થાય છે.

ઇત્યાદિ ચક્ષુ પ્રત્યક્ષ પ્રસંગોને જોયા પછી સહૃદય માણસ અનુમાનથી પણ જાણી શકે છે કે મનુષ્ય અવતાર, માનવતા, ખાનદાન જીવન સાથે જૈન ધર્મના સંસ્કારો મેળવવાને માટે આપણે પૂર્વભવમાં :—

૧. અરિહંતોને પાંચે આંગળીએ પૂજ્યા હોઈશું.

૨. મહાવ્રતધારી સાધુ-સાધ્વીની ભક્તિ ઊભે પગે કરી હશે. તેમને ગોચરી પાણી માટે ઘરો દેખાડવા પગોનો સદઉપયોગ કર્યો હશે.

૩. વર્ષીતપ વર્ધમાનતપ આદિની નાની મોટી તપશ્ચર્યાઓ સાથે જીવનમાં સંવરધર્મની આરાધના કરી હશે.

૪. સામાયિક પ્રતિક્રમણ દ્વારા ક્ષુદ્ર જંતુઓથી લઇને પંચેન્દ્રિય જીવોને અભયદાન આપ્યું હશે.

૫. દીન-દુ:ખી અનાથોને ભોજન-પાણી ઔષધ અને વસ્ત્રો આપ્યા હશે.

૬. સાધુ-સાધ્વીઓને ભણાવવા માટેની વ્યવસ્થા કરી હશે. કરાવી હશે.

ઈત્યાદિક સુકૃત્યો દ્વારા ઉપાર્જન કરેલા પુણ્યના સંભારથી મેળવેલા મનુષ્ય અવતારને સંસારની માયામાં લુબ્ધ બનીને માણસ ફરીથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉભયલોક ભ્રષ્ટ થાય છે. અર્થાત્ ચૌર્યકર્મ–મૈથુનકર્મ અને પરિગ્રહાદિ પાપકર્મો વડે ઇન્દ્રિયોના વિષયોને સાધવામાં તત્પર થયેલો માનવ પોતાનો આ ભવ અને પરભવ પણ બગાડે છે. કારણ કે પાપકર્મો, પાપવ્યાપારો, પાપીભાષા. તેમજ પાપવ્યવહારથી માણસ આ ભવમાં કોઇનો મિત્ર બની શકતો નથી, દયા વિનાનો થાય છે, ક્રોધી થાય છે અને છેવટે પોતાનો આ ભવ બગાડી નાંખે છે. આ પ્રમાણે જે ભાગ્યશાળી પોતાનો આ ભવ બગાડશે તેનો આવતો ભવ પણ બગડ્યા વિના રહેતો નથી.

આ ત્રણે પ્રકારના જીવાત્માઓ ગતિપ્રત્યનીક કહેવાયા છે.

દેવદુર્લભ મનુષ્ય અવતાર પામીને માનવમાત્રને ધાર્મિકતા કેળવવી જોઈતી હતી. જેથી સશક્ત બનેલું આપણું જીવન બીજા માનવોને માટે ઉદાહરણ રૂપે બની શકયો હોત.

દાન–પુણ્ય જૂદી વસ્તુ છે અને ધાર્મિકતા પણ જુદી વસ્તુ છે. કેમકે ધર્મના આચરણને જ ધાર્મિકતા કહેવાય છે. ધર્મ હંમેશને માટે આચરણનો વિષય છે, ભાગ્યશાળી ધર્મના સિદ્ધાંતોને આચરણમાં ઉતારશે. તેઓ પોતાનો આ ભવ સુધારશે, આવતો ભવ સુધારશે અને ભવોભવ સુધારીને ભવાંતરમાં પણ જૈન ધર્મ મેળવવા માટે ભાગ્યશાળી બનશે.


લોખંડ ના

“ બીજાના આનંદ માટે કરવામાં આવેલી મહેનત ખુદ આપણને આનંદ આપે છે. ”

ગોળ અને ચોરસ સળીયા

પટ્ટી તેમજ પાટા

વિગેરે મળશે

ધી ભારત આયર્ન એન્ડ સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ

રૂવાપરી રોડ : ભાવનગર

ટેલીગ્રામ : આયર્નમેન

ફોન: ઓફીસ ૫૬૫૦, ૩૨૧૯; રેસીડેન્સ ૪૫૫૭, ૫૫૨૫




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# संशयात्मा विनश्यति

લેખક :
મનસુખલાલ તારાચંદ મહેતા

ચેટકરાજાની પુત્રી, ત્રિશલામાતાની ભત્રિજી અને મગધપતિ શ્રેણિકની અત્યંત પ્રિય રાણી ચેલ્લણાના જીવનનો આ એક અદ્ભુત પ્રસંગ છે. ભગવાન મહાવીરની તે પરમ શ્રાવિકા હતી. શીલવ્રતના અખંડ પાલનના કારણે તેની ગણના સતી સ્ત્રીઓમાં થાય છે અને આજે પણ આપણે સૌ પ્રાતઃકાળે આ પરમ શ્રાવિકાનું નિત્ય સ્મરણ કરીએ છીએ.

શ્રેણિક અને ચેલ્લણા કોઈ કોઈ વખત ફૂરસદના સમયે સોગઠાંબાજી (ચોપાટ)ની રમત રમતાં હતાં. એક વખતે મોડી રાત સુધી પતિ પત્ની બંને આવી રમત રમી રહ્યાં હતાં. શ્રેણિકને ચેલ્લણા પર એવી અગાધ પ્રીતિ, કે ચેલ્લણા રમતમાં જો હારી જાય, તો તેને આનંદ થવાને બદલે રંજ થાય, તેથી ઈરાદાપૂર્વક ખોટી ચાલ ચાલી રાણીની કૂકરીને પોતે મારે નહિ. રમતના અંતે ચેલ્લણા જીતે ત્યારે શ્રેણિક તેને ધન્યવાદ આપે. જવાબમાં માર્મિક રીતે હસીને તે કહેતી "મેં તો તમને માત્ર સોગઠાંબાજીમાં જીત્યા, પણ તમે તો મારા હૃદયને જીતી લઈ તેના પર પણ તમારું સામ્રાજ્ય સ્થાપી દીધું છે, તેથી વાસ્તવિક રીતે તો આ તમારી જ જીત છે. બાકી મારી જીત એ તો તમારી કૃપાનું ફળ છે, એ ન સમજી શકું એટલી બધી અબુધ શું તમે મને માનો છો?" પતિપત્ની વચ્ચેની પ્રીત જળ અને મીન જેવી હતી અને ચેલ્લણા શ્રેણિકની છાયા માફક તેની સાથે રહેતી હતી. જ્યાં પતિ ત્યાં સતી પણ સાથે ને સાથે જ હોય!

એક દિવસે સમાચાર આવ્યા કે રાજગૃહીના ઉદ્યાનમાં ભગવાન મહાવીર પધાર્યા છે. ચેલ્લણા ભગવાન મહાવીરની પરમ ભક્ત હતી. શ્રેણિક ભગવાનનો પરમ ભક્ત બન્યો, તેના મૂળમાં પણ ચેલ્લણા જ હતી. જડ માનવમાં પણ દેવત્વનો આવિર્ભાવ કરવાની શક્તિ નારી ધરાવતી હોય છે. શ્રેણિક અને ચેલ્લણા બંને રથમાં બેસી ભગવાન મહાવીરના દર્શન અર્થે નીકળી પડ્યાં. પોષ માસની કડકડતી ઠંડી હતી, એટલે બંનેએ ગરમ શાલ પોતપોતાના દેહને વીંટાળી દીધી હતી. ભગવાનને ભાવપૂર્વક વંદન કરી તેમની ચરણરજ લઈ બંને પાછા ફર્યા.

પાછા ફરતાં માર્ગમાં એક જળાશય પાસે તેઓએ એક મુનિને ઉઘાડા શરીરે ધ્યાનાવસ્થામાં સ્થિર ઊભેલા જોયાં. આવી કડકડતી ઠંડીમાં મુનિને આ દશામાં ધ્યાનસ્થ જોઈ ચેલ્લણાનું હૃદય દ્રવી ગયું ને મનોમન બોલી: 'અહો! ધન્ય છે આવા તપસ્વીઓને! જે ભૌતિક સુખોની પાછળ લોકો પાગલ થઈ દોડે છે, તે સુખોનો સ્વેચ્છાપૂર્વક ત્યાગ કરી આવા મુનિરાજો તેની સામેથી પોતાની દૃષ્ટિ જ ખેંચી લે છે.' મુનિ ધ્યાનસ્થ હતા, છતાં બંનેએ રથમાંથી ઉતરી વંદન કર્યાં અને ઠંડીથી બચવા સીધા રાજમહાલયમાં પહોંચી ગયા. ઠંડી તો એવી કારમી હતી કે ગરમ કપડાં અને શાલથી સુરક્ષિત હોવા છતાં, ચેલ્લણા ધ્રૂજી રહી હતી. પતિપત્ની વાર્તાલાપ કરતાં નિદ્રાને આધીન થયા.

મધ્યરાતે શ્રેણિક લઘુશંકા અર્થે ઊઠ્યાં અને પાછા પલંગમાં પડતાં એક અછડતી દૃષ્ટિ ચેલ્લણા પર કરી લીધી. ગાઢ નિદ્રામાં પણ ચેલ્લણાનું અપૂર્વ સૌંદર્ય જોઈ વિચાર તો થયો કે તેને જાગ્રત કરું, પણ ઉંઘમાં ખલેલ પહોંચાડવાનું તેને યોગ્ય ન લાગ્યું. શ્રેણિકની આંખો મીંચાણી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્યાં તો ચેલ્લણાને નિદ્રામાં બબડતી સાંભળી 'એ બિચારાને આવી ઠંડીના કારણે કેવું અસહ્ય દુઃખ થતું હશે!'

ચેલ્લણાના આવા શબ્દોથી શ્રેણિકના મનમાં તેના ચારિત્ર અંગે કુશંકા જાગી. તેના હૈયા પર હતાશાનું હિમ છવાઈ ગયું. અવિચારનો ધોધ જ્યારે ઉછળે છે ત્યારે મહાપુરુષ પણ પોતાનું સાન-ભાન ગુમાવી દેતો હોય છે. સ્ત્રીના કારણે દાઝેલા કોઈ કમનસીબ પુરુષે કરેલી વાત યાદ આવી કે, અસત્ય-સાહસ-માયા મૂર્ખાઈ-લોભીપણું અશોચપણું-નિર્દયપણું અને બેવફાપણું એ તો નારી જાતના સ્વાભાવિક દુર્ગુણો છે. આમ વિચારે છે, ત્યાં તો ચેલ્લણા નિદ્રામાં જ પડખું ફેરવતા પાછી બબડી; 'અરેરે! એ બિચારાનો કોમળ દેહ આવી ઠંડીની કાતિલ વેદના કેમ કરી સહન કરતો હશે?' અજંપાના કારણે પછી તો નિદ્રા શ્રેણિકની વેરણ બની ગઈ. કોઈ પણ પ્રસંગ કે સંયોગોનો પ્રત્યાઘાત માનવમન પર તેના સ્વભાવ અને વિચારશૈલી પ્રમાણે જ પડતો હોય છે. સરળ રીતે વહી જતાં પ્રેમ ભર્યા દાંપત્ય જીવનમાં જો શંકારૂપી એકાદ પણ કાંકરી પડે તો પ્રેમ ભર્યું દાંપત્ય જીવન ઝેર રૂપ બની જાય છે. એકી સાથે સેંકડો વીંછીઓ ડંખ મારે અને જે પીડા થાય એવી પીડા તેના આંતરમનમાં થવા લાગી.

શંકાનું ભૂત માનવીના મનને જંપીને બેસવા દેતું નથી. શંકા તો સાપનું બચ્ચું છે, ફેણ પછાડતા વાર ન લાગે! શ્રેણિકે વિચાર્યું કે ખરેખર! પ્રમદા બુદ્ધિ પગની પાનીએ. સત્પુરુષોએ સાચું જ કહ્યું છે કે, 'સ્વભાવો દુરતિક્રમઃ' કોલસાને ગમે તેટલા ધોઈએ, પણ તે શું કદાપિ સફેદ થઈ શકે? ચેલ્લણાની માયા અને જાદુમાં હું અંધ બની ગયો. હવે તેને શી શિક્ષા કરું? તેને જાતજાતના તર્કવિતર્કો થવા લાગ્યા. તેની વિચારધારા આગળ ચાલી કે આ અધમ નારી મધરાતે સ્વપ્નમાં પણ તેના કયા યારનું રટણ કરી રહી હશે? સ્વગત બોલ્યો: 'જેનું હરહંમેશ ચિંતન કર્યા કરું છું, તે તો મારે બદલે કોઈ અન્ય પુરુષની ઝંખના કરી રહી છે અને તેની ચિંતા સેવી રહી છે. નારીને મન પુરુષ તો જાણે રમવાનું રમકડું! નારી હૃદયના ઊંડાણનો તાગ લેવાનું કાર્ય તો બ્રહ્મા જેવા માટે પણ કઠિન છે, તો મારી જેવાનું શું ગજું?'

એક બાજુ ચેલ્લણા શાંતિ પૂર્વક નિદ્રા લઈ રહી હતી, તો બીજી બાજુ પૃથ્વીના પેટાળમાંથી નીકળતો લાવારસ જેમ દરેક ચીજને ભસ્મ કરી નાખે છે, તેમ શ્રેણિકના હૃદયમાં ઊકળતો લાવારસ તેની સમગ્ર ચેતનાને હણી રહ્યો હતો. स्नेहोऽनर्थस्य कारणम् રાગ એજ બધા અનર્થોનું મૂળ છે. વધુ પડતા સ્નેહનું મોટામાં મોટું દુઃખ પ્રેમી પ્રત્યેની શંકાકુશંકા છે. તેથી જ કહેવાય છે કે અતિ स्नेहः पापशंकी અને આ કારણે જ સુખી દાંપત્ય જીવનમાં હોળી પ્રગટતી હોય છે. શ્રેણિકે મગજની અસ્થિર હાલતમાં નિર્ણય પણ લઈ લીધો કે, સાપ અને પાપ પ્રત્યે જેમ દયા દાખવવાના હોતા નથી, તેમ આવી ભ્રષ્ટ નારી પ્રત્યે દયા દાખવવાને બદલે તેનો સદા માટે અંત લાવી દેવો એ જ યોગ્ય ઈલાજ છે.

માનવ મન ભારે વિચિત્ર અને અવળચંડુ છે. ચેલ્લણા જે ગઈ કાલ રાત સુધી તેના પ્રાણ સમાન હતી અને જેના વિના એક પળ પણ તે રહી શકતો નહિ, તે જ સ્ત્રીનો અંત લાવવા, નહિ જેવા તુચ્છ કારણે તે તૈયાર થઈ ગયો. દુનિયાની સઘળી કઠોરતાને એકઠી કરીને તો પુરુષ જાતનું સર્જન નહિ કરવામાં આવ્યું હોય? પુરુષ જાતની દાદાગીરી તો જુઓ! પોતે મનગમતી ગમે તે સ્ત્રીને પોતાના અંતઃપુરમાં બેસાડી શકે, પણ એની જ પત્ની ભૂલે ચૂકે પણ પરપુરૂષનો મનમાં વિચાર કરે, તો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ એના મનથી દુનિયા રસાતળ થઈ જાય.

બીજા દિવસે ચેલ્લણા તો હજુ નિદ્રામાં હતી ત્યાં જ શ્રેણિકે વહેલા ઊઠી અભયકુમારને બોલાવી સમગ્ર અંતઃપુરને સળગાવી દેવા આજ્ઞા કરી. શ્રેણિકે વિચાર્યું કે જ્યાં ચેલ્લણા જેવી નારી પણ સડેલી છે, ત્યાં અન્યની તો વાત જ કયાં કરવી ? આ નિર્ણયમાં વૈરાગ્યનો અંશ પણ નહોતો, હતી માત્ર નારી જાત પ્રત્યેની નફરત ! પિતાજીનો ગુસ્સો અને જુસ્સો જોઈ ઘડી બેઘડી તો અભયકુમાર સ્તબ્ધ થઈ ગયો. પણ અભય તો બુદ્ધિનો ભંડાર હતો. પિતાની આજ્ઞા માથે ચડાવી, આના મૂળમાં શી વાત છે તે જાણવા તે ચેલ્લણા પાસે પહોંચી ગયો. શ્રેણિકના આવા નિર્ણયના કારણે આશ્ચર્ય પામવાનું કારણ નથી. જમદગ્નિ ઋષિની પત્ની જે પરશુરામની માતા હતી, તેની દૃષ્ટિએ એક વખત અપ્સરાઓ સાથે વિહાર કરતો ચિત્રસેન ગંધર્વ પડ્યો અને ઋષિ પત્નીનું મન વિકૃત થતાં મનમાં વિચાર આવ્યો કે આ અપ્સરાઓ જેવું સુખ મને પ્રાપ્ત ન થયું. આ વિચારની વાત ઋષિએ જાણી એટલે પુત્ર પરશુરામને આજ્ઞા કરી કે તારી માતાએ મનથી વ્યભિચાર સેવ્યો છે, તેથી તેનો શિરચ્છેદ કરી નાખ ! પિતાની આજ્ઞાનું પાલન કરવા પરશુરામે જનેતાને હણી નાખી, આ વાત તો આ દેશના ઋષિ મુનિની છે. તો શ્રેણિક જેવા રાજવીની વાતને તો કયાં રડવું ?

અભયકુમારે માતા પાસેથી જાણી લીધું કે શ્રેણિક સાથે તે ગઈ સાંજે ભગવાન મહાવીરના વંદન અર્થે ગઈ હતી. ચેલ્લણાએ કહ્યું : "પાછા આવતા સખત ઠંડીમાં એક મુનિને ઉઘાડા શરીરે ધ્યાનસ્થ થયેલા જોયા ત્યારે મારૂં હૃદય દ્રવી ગયું. મને થયું કે આટલા ગરમ કપડાથી રક્ષાયેલી હોવા છતાં હું થરથર ધ્રુજું છું, ત્યારે બાપડા આ મુનિને કેવી અસહ્ય વેદના થતી હશે ? એ મુનિના જ વિચારમાં ઊંઘ આવી ગઈ અને સ્વપ્નમાં પણ એ જ મુનિનું દૃશ્ય જોયું. પછી તો વહેલું થયું પ્રભાત ! પણ અભય, તારે આ બધી વાત જાણવાનું પ્રયોજન ન સમજી !" માતાના મનનું સમાધાન કરી અભય ત્યાંથી ચાલી નીકળ્યો, પણ શ્રેણિકની આજ્ઞાનો ભેદ તે સમજી ગયો. અભયકુમારે વિચાર્યું કે ડહોળાયેલા પાણીને જો સ્થિર થવા દઈએ તો તે પાછું સ્વચ્છ થઈ જાય છે, તેમ પિતાજીનું ડહોળાયેલું મન પાછું સ્થિર થતાં સાચી વાત તેના સમજવામાં આવશે. સ્વપ્નાવસ્થામાં માતાથી કાંઈ એલફેલ બોલાયું હશે. વાત હશે પેલા મુનિ અંગે અને પિતાજીએ તેનો જુદો અર્થ ઘટાવી, આવી આજ્ઞા આપી દીધી છે. તેણે તો સાપ મરે નહિ અને લાઠી ભાંગે નહિ એવો માર્ગ અપનાવી, એક જુની અંતઃપુર પાસેની હાથીશાળાને સળગાવી અને જાહેરાત કરી કે રાણીવાસ આગમાં સપડાઈ ગયેલ છે.

અભયકુમારને અંતઃપુર સળગાવવાની આજ્ઞા આપી શ્રેણિક તો સીધા ભગવાન મહાવીર પાસે જઈ પહોંચ્યા. ભગવાન પ્રત્યે અનન્ય શ્રદ્ધા ધરાવનાર શ્રેણિકે તેમને પૂછયું :– 'ભગવંત ! પતિ પરાયણ દેખાતી ચેલ્લણા પણ શું પતિત જ હશે !' ભગવાને કહ્યું : 'રાજન્ ! શીલ અને સંયમથી શોભતી, પતિ પરાયણ સાધ્વી જેવી ચેલ્લણા તો સમગ્ર નારી જાતના ભૂષણરૂપ છે. તેના માટે કોઈને શંકા થાય તો તેનો અર્થ એ જ કે શંકા કરનારમાં જ કયાંક ખૂણે ખાંચરે દોષ છૂપાયેલો હોવો જોઈએ.'

ખરેખર બનતું હોય છે તો એવું કે કોઈ પણ વ્યક્તિને જ્યારે પોતાના પ્રેમપાત્રમાં દોષ જોવામાં આવે, ત્યારે મોટાભાગે એ પોતાના દોષનું જ પ્રતિબિંબ પ્રેમપાત્રમાં નિહાળતો હોય છે. પતિત માનવીને પત્ની ગમે તેવી હશે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તો પણ પતિત જ લાગવાની, તેમ સંયમી અને ત્યાગી પુરુષને પણ પોતાની પત્ની સંયમી અને ત્યાગી જ દેખાશે. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. જે પિંડે તે જ બ્રહ્માંડે.

ભગવાન પાસેથી ઊઠી શ્રેણિક તો હાંફળો ફાંફળો થઈ અભય પાસે દોડયો અને પૂછયું: 'અભય! તેં શું મારી આજ્ઞાનો અમલ કરી નાખ્યો?' અભયે વંદન કરી કહ્યું: 'પિતાજી! આજ્ઞાનો અમલ થઈ ગયો છે, જુઓ! સામેજ રાણીવાસ સળગી રહ્યો છે.'

શ્રેણિકના હૃદયમાં વહેતા પ્રેમના ઝરણામાં શંકારૂપ કાંકરી પડતાં જે આંદોલનો જાગી પડેલાં, તે ભગવાનની વાત સાંભળી શાંત થઈ ગયા હતા અને તેથી અભયનો જવાબ સાંભળતાં શ્રેણિક તો ત્યાં જ મૂર્છિત થઈ ગયો. યોગ્ય ઉપચાર પછી, શુદ્ધિમાં આવ્યા બાદ અભયકુમારે ચેલ્લણાના સ્વપ્નની તેમજ સ્વપ્નમાં કરેલ બડબડાટની પાછળના ભેદની વાત સમજાવી, પોતે કઈ રીતે આજ્ઞાનું પાલન કર્યું છે તે સમજાવ્યું. નિશ્ચેતન થયેલા શ્રેણિકમાં પછી જ પુનઃ ચેતનાનો સંચાર થયો, અને અંતઃપુરમાં બધી રાણીઓ સલામત છે એ જાણી અભયને ધન્યવાદ આપતાં તેણે કહ્યું: "આજે તેં મને એક મહાપાપમાંથી બચાવી લીધો છે. વગર વિચાર્યું, આવેશમાં આવી જઈ કોઈ પણ કાર્ય કદી ન કરવું. એ વાત આજે મને બરોબર સમજાઈ ગઈ છે."

પુરુષ કે સ્ત્રી, પોતાના પ્રેમપાત્રમાં દોષ જોતાં પહેલાં પોતાની જાતની ચકાસણી કરે કે, એ દોષ પોતાના દોષનું જ તો પ્રતિબિંબ નથી ને? અને જો એમ કરવામાં આવશે તો આ જગતમાં અનેક સુખી સંસારમાં પ્રગટતી હોળી અટકી જશે! ●


## તમારી થાપણ વધતી જ રહે છે
## અમારી પુનઃ રોકાણ યોજનામાં

અમારી પુનઃ રોકાણ યોજનામાં રૂા. ૫૦૦૦/–ની થાપણ વધીને
૧૦ વર્ષમાં રૂા. ૧૩૫૩૫/૨૦ થઈ જાય છે.

અમારી પુનઃ રોકાણ યોજનામાં રૂા. ૧૦૦૦/– કે તેના ગુણાંકમાં થાપણો
૨૫ થી ૧૨૦ મહિનાના સમયગાળા માટે મૂકી શકાય છે.

# સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્ર

હેડઓફીસ : ભાવનગર ૩૬૪૦૦૧




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર સંચય

## શ્રી રતિલાલ મફાભાઈ શાહની સેવાઓનું સન્માન

માંડલ નિવાસી શ્રી રતિલાલ મફાભાઇ શાહના નામથી જૈન સમાજ સારી રીતે પરિચિત છે. તેઓ એક નીડર લેખક, ચિંતક અને સમાજ સુધારક છે. 'સત્ય એ જ ઈશ્વર છે' એ સૂત્રનું જીવનમાં ચૂસ્ત રીતે તેમણે પાલન કર્યું છે. સાચી વાત કહી દેવામાં તેઓ કોઈની શેહમાં દબાતા નથી અને પોતાને જે સત્ય લાગે છે, તે નીડરતા પૂર્વક તેઓ કહી દે છે.

સાહિત્ય ક્ષેત્રે પણ તેમની સેવા નોંધપાત્ર છે. 'ત્રિશલાનંદન મહાવીર'નું તેમનું પુસ્તક સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલયે પ્રગટ કરેલું જે જૈન અને જૈનતર સમાજમાં ભારે આવકારપાત્ર બન્યું. આ સિવાય તેમના એક ડઝનથી વધુ પુસ્તકો પ્રગટ થયા છે અને અપ્રગટ ગ્રંથોની સંખ્યા પણ એક ડઝન જેટલી છે. 'જૈન ધર્મ અને માંસાહાર પરિચય'ના તેમના પુસ્તકે આ વિષયમાં નવી જ દૃષ્ટિ આપેલ છે અને માંસાહારની બાબતમાં અનેક લોકોના મનની શંકાઓને નિર્મૂળ કરી છે. ભૂદાનયાત્રામાં પૂ. વિનોબાની સાથે સંપર્ક સાધી, તેમણે આ બાબતનો જે અભિપ્રાય તેમની પાસેથી પ્રાપ્ત કર્યો છે, તે એક દસ્તાવેજ સમાન છે. હિંસા વિરોધક સંઘે તેમના આ ગ્રંથની આઠ હજાર નકલો છાપી છે. અનેકવિધ નિબંધોની હરિફાઈમાં ભાગ લઇ અનેક સંસ્થાઓમાંથી તેઓએ ઊચ્ચકક્ષાના ઇનામો પ્રાપ્ત કર્યા છે.

શ્રી રતિલાલભાઈ જે કાર્યની પાછળ પડે છે તે સિદ્ધ કર્યા વિના રહેતા નથી. 'કાર્યં સાધયામિ વા દેહં પાતયામિ' એ તેમના જીવનનો મુદ્રાલેખ છે. વરસો પહેલા ગુજરાતના ગામડે ગામડે મત્સ્યોદ્યોગ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ કારણે શ્રી રતીલાલભાઇનું લોહી ભારે ઊકળી આવ્યું. પોતે આચાર્ય ભગવંતો, મુનિ મહારાજો, પ્રધાનો અને ગવર્નર સાહેબને મળી નેશનલ પ્લાનીંગ રીપોર્ટમાંથી 'પ્રજાની ખાવાની આદતો બદલાવીને એમને માંસાહાર તરફ વાળવા કે જેથી વધારાના માંસનો નિકાલ થઇ શકે' એવા જે શબ્દો હતા તેમજ માંસાહારને ઉત્તેજન આપવાની જે વાત હતી તે દૂર કરાવવામાં તેઓ સફળ થયા હતા. આ કાર્ય માટે તો સમગ્ર જૈન સમાજ માટે તેઓ ધન્યવાદને પાત્ર બન્યા છે.

શ્રી રતિલાલભાઇની ઊંમર અત્યારે ૭૫ વર્ષની છે, અને શારીરિક રીતે તેઓ ક્ષીણ થઇ ગયા છે. તેઓ અત્યંત શાંત, સરળ અને સાદા હોય પ્રસિદ્ધિ-નામનાથી દૂર ભાગનારા છે. જૈન સમાજના આવા એક વિરલ સમાજ સેવકના સન્માનનો પ્રસંગ સમગ્ર જૈન સમાજ માટે આનંદ અને ગૌરવનો પ્રસંગ છે. 'ફૂલ નહીં તો ફૂલની પાંખડી'એ કહેવત મુજબ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અર્પવામાં આવનાર થેલીમાં સૌ ભાઈ બહેનો પોતાનો યથાશક્તિ ફાળો મોકલાવી આપે, એવી અમે અમારા વાચકોને ખાસ ભલામણ કરીએ છીએ.

ફાળાની રકમ મોકલવાનું ઠેકાણું નીચે મુજબ છે:-

વોરા વસંતભાઇ રસિકલાલ
ભીખાભાઈ
માંડવી ચોક, માંડલ ( જિ. અમદાવાદ )

શ્રી ભરતભાઈ શાહ
C/o. રાજેન્દ્ર ફ્લોર મિલ
માંડલ ( જિ. અમદાવાદ )

卐

## વઢવાણની જૈન જ્ઞાતિની પેન્શન યોજના

વઢવાણના વિશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન જ્ઞાતિએ પોતાની આવકના નાણાંનો એવી રીતે સદુઉપયોગ કરવાનું નક્કી કરેલ છે કે તેની જ્ઞાતિના ૬૫ વર્ષની ઉંમર વટાવી ગયેલા ભાઇઓને માસીક રૂા. ૨૫/-નું નિવૃત્તિ પેન્શન આપશે અને એક જ કુટુંબમાં બે વ્યક્તિ ૬૫ વર્ષની હશે તો તેમને દર માસે રૂા. ૪૦/- આપવામાં આવનાર હોવાનો ઠરાવ પસાર કરેલ છે.

## આણંદજી કલ્યાણજીની પેઢી દ્વારા બોણી

અમદાવાદની આણંદજી કલ્યાણજીની પેઢીએ તેના છસો જેટલા નોકરીયાતોને પગારની પોણી રકમ દીવાળીની બોણી તરીકે આપી છે તેમાં નાનામાં નાના નોકરોને એકસો રૂપીયા મળેલ છે.

જાણીતા મોતીશા ટ્રસ્ટે શત્રુંજયમાંના તેના નોકરીયાતોને ત્રણ માસનો પગાર બોણી તરીકે આપેલ છે.

જ્ઞાનનો દીપક પ્રગટાવશો તો
હતાશાનો અંધકાર હટીને દિવાળી પ્રગટી રહેશે.



દરેક પ્રકારના...
સ્ટીલ તથા વુડન ફર્નીચર માટે
મહાલક્ષ્મી સ્ટીલ કોર્પોરેશન
શો રૂમ :— ગોળ બજાર □ ભાવનગર □ ફોન નં. 4525



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શા પ રી આ

: બનાવનારા :

* બાર્જીસ
* લાઈફ બોટસ
* ટગ્ઝ
* ડ્રેજર્સ
* પોન્ટુન્સ
* મુરીંગ બોયઝ
* બોયન્ટ એપરેટસ

વિગેરે ..................

શીપ

બીલ્ડર્સ

અને

એન્જીનીયર્સ

: બનાવનારા :

* રોલીંગ શટર્સ
* ફાયરપ્રુફ ડોર્સ
* રોડ રોલર્સ
* વ્હીલ બેરોઝ
* રેફ્યુઝ હેન્ડ કાર્ટસ
* પેલ ફેન્સીંગ
* સ્ટીલ ટેન્કસ

વિગેરે ..................

# શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું.

# પ્રાઈવેટ લીમીટેડ

ચેરમેન : **શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ**

મેનેજીંગ ડીરેકટર : **શ્રી અમૃતલાલ ભાણજીભાઈ શાપરીઆ**


રજીસ્ટર્ડ ઓફિસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઈ–૧૫ (ડી. ડી.)
ફોન : ૪૪૮૩૬૧, ૪૪૮૩૬૨, ૪૪૩૧૩૩
ગ્રામ : 'શાપરીઆ' શીવરી–મુંબઈ

એન્જીનીયરીંગ વર્કસ અને ઓફિસ
પરેલ રોડ, ક્રોસ લેન,
મુંબઈ–૧૨ (ડી. ડી.)
ફોન : ૩૯૫૦૬૭, ૩૭૪૮૯૩
ગ્રામ : 'શાપરીઆ' પરેલ–મુંબઈ




For Private And Personal Use Only

# દેના બેંક
# સમૃદ્ધિ ડિપોઝિટ યોજના
## હેઠળ આપનાં નાણાં મહિને મહિને વધુ ઝડપથી વધતાં જ રહે છે.




**રૂ. ૧,૦૦૦ હમણાં રોકો અને ૬૧ મહિના બાદ રૂ. ૧,૬૫૯, ૧૨૦ મહિના બાદ રૂ. ૨,૭૦૭ અને ૨૪૦ મહિના બાદ રૂ. ૭,૩૨૮ મેળવો.**

આપની બચત પર વધુ નાણાં મેળવવાનો આ એક સરળ માર્ગ છે. **દેના બેંક**ની સમૃદ્ધિ ડિપોઝિટ યોજના હેઠળ મૂળ રકમ ઉપર દર મહિને વ્યાજ જમા થતું જાય છે, અને આ વ્યાજ ઉપર પણ વ્યાજ મળતું રહે છે. આમ ચક્રવૃદ્ધિ વ્યાજને કારણે આપની મૂળ રકમ ઉપર, મુદતને આધારે આપને ૮.૩% થી ૩૧.૬૪% સુધી વાર્ષિક વ્યાજ છૂટે છે.

વધુ વિગતો માટે આપની નજીક આવેલી દેના બેંક શાખાની મુલાકાત લો.

**દેના બેંક**
(ગવર્નમેંટ ઑફ ઇંડિયા અંડરટેકિંગ)
હેડ ઑફિસ: હોર્નિમેન સર્કલ,
મુંબઈ ૪૦૦૦૨૩

RATAN BATRA/DBG/288

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# સુવર્ણ જયંતિ વર્ષ ૧૯૨૬-૧૯૭૬

## શાંતિલાલ ચત્રભુજ એન્ડ કું.

ડીસ્ટ્રીબ્યુટર્સ-હોલસેલર-એજન્ટસ

તાતા કેમીકલ્સ લી. કેડબરી ફ્રાય [ઇન્ડીયા) પ્રા. લી.

ધી તાતા ઓઇલ મીલ્સ કું. લી.

કીસાન પ્રોડકટસ લી. — ભારત રીફાઇનરીઝ લી.

: સ્થાપકો :



ભાવનગરનિવાસી

શ્રી રતિલાલ ચત્રભૂજ શાહ



ભાવનગરનિવાસી

સ્વ. શ્રી શાંતિલાલ ચત્રભૂજ શાહ

એકાવનમાં વર્ષમાં પ્રવેશતાં......

અમે આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ. છેલ્લા પચાસ વર્ષ દરમ્યાન અમારી સાથે માનવંતા ઉત્પાદકો, વેપારી બંધુઓ, મિત્રો તેમજ સ્નેહીજનોએ અમારામાં વિશ્વાસ અને શ્રદ્ધાનું સિંચન કર્યું છે. તેઓ સૌના ઉત્સાહ, પ્રેરણા અને સહકારનો આ તકે અમે ખૂબ ખૂબ આભાર માનીએ છીએ અને ભવિષ્યમાં પણ તેઓ સૌ પાસેથી એવા જ સહકાર, ઉત્સાહ અને પ્રેરણાની અપેક્ષા સેવીએ છીએ.

: ઓફિસો :

૧૦, E, હીલ રોડ,
વાંદરા, મુંબઇ ૪૦૦ ૦૫૦
ફોન નં. ૫૩૩૦૬૫

અને

એસ. વી. રોડ,
મલાડ (વેસ્ટ) મુંબઇ ૪૦૦ ૦૬૫
ફોન નં. ૬૯૧૪૮૬


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# ખાસ વસાવવા જેવા કેટલાક અલભ્ય ગ્રન્થો

## संस्कृत ग्रंथो

| | रु. पै. |
|---|---|
| १ वसुदेव हिण्डी द्वितीय अंश | १०-०० |
| २ बृहत्कल्पसूत्र भा. ६ष्ठः | २०-०० |
| ३ त्रिषष्टिशलाकापुरुषचरित-महाकाव्यम् भा. २, पर्व २, ३, ४ (मूळ संस्कृत) पुस्तकाकारे | १५-०० |
| ४ " " प्रताकारे | १५-०० |
| ५ द्वादशारं नयचक्रम् | ४०-०० |
| ६ सम्मतितर्कमहार्णवावतारिका | १५-०० |
| ७ तत्त्वार्थाधिगमसूत्रम् | १५-०० |
| ८ स्त्रीनिर्वाणकेवलिभुक्तिप्रकरणे | ६-०० |
| ९ श्री शान्तिनाथ महाकाव्यम् आ. श्री भद्रसूरीविरचितम् | १०-०० |

*

## અંગ્રેજી ગ્રંથો

| | Rs. Ps. |
|---|---|
| 1 Anekantvad by H. Bhattacharya | 3-00 |
| 2 Shree Mahavir Jain Vidyalaya Suvarna Mahotsava Granth | 35-00 |

*

## ગુજરાતી ગ્રંથો

| | રૂ. પૈ. |
|---|---|
| ૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૨૨-૦૦ |
| ૨ શ્રી તીર્થંકર ચરિત્ર | ૧૨-૦૦ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૫-૦૦ |
| ૪ કાવ્ય સુધાકર | ૨-૫૦ |
| ૫ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભા. ૨ | ૩-૦૦ |
| ૬ કથા રત્ન કોષ ભા. ૧ | ૧૪-૦૦ |
| ૭ કથા રત્ન કોષ ભા. ૨ | ૧૨-૦૦ |
| ૮ આત્મ કાન્તિ પ્રકાશ | ૧-૫૦ |
| ૯ જ્ઞાન પ્રદીપ (ભા. ૧ થી ૩ સાથે) સ્વ. આ. વિજયકસ્તૂરસૂરિજી રચિત | ૧૨-૦૦ |
| ૧૦ ધર્મ કૌશલ્ય | ૩-૦૦ |
| ૧૧ અનેકાન્તવાદ | ૩-૦૦ |
| ૧૨ નમસ્કાર મહામંત્ર | ૩-૦૦ |
| ૧૩ ચાર સાધન | ૩-૦૦ |
| ૧૪ ભગવાન મહાવીર યુગના ઉપાસકો | ૩-૦૦ |
| ૧૫ જાણ્યું અને જોયું | ૩-૦૦ |
| ૧૬ સ્યાદ્વાદમંજરી | ૧૭-૦૦ |
| ૧૭ ભ. મહાવીર યુગનાં ઉપાસિકાઓ | ૩-૦૦ |
| ૧૮ પૂજ્ય આગમપ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક પાકું બાઈન્ડીંગ | ૬-૨૫ |
| કાચું બાઈન્ડીંગ | ૫-૨૫ |

નોંધ : સંસ્કૃતમાં ૧૦ ટકા અને ગુજરાતીમાં તથા અંગ્રેજીમાં ૧૫ ટકા કમિશન કાપી આપવામાં આવશે. પોસ્ટ ખર્ચ અલગ. આ અમૂલ્ય ગ્રંથો વસાવવા ખાસ ભલામણ છે.

: લખો :

**શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર**


તંત્રી : શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : શ્રી ગિરધરલાલ ફૂલચંદ શાહ, સાધના મુદ્રણાલય : દાણાપીઠ-ભાવનગર

For Private And Personal Use Only